Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૩૯

## * સુંદર માર્ગ *

અહો, જિનભગવાને કહેલો શુદ્ધરત્નત્રયરૂપ માર્ગ મહા સુંદર છે. પોતાના પરમ તત્ત્વમાં સર્વથા અંતર્મુખ, અને પરદ્રવ્યથી અત્યંત નિરપેક્ષ એવો આ સુંદર માર્ગ સદા આનંદરૂપ છે; હે ભવ્ય! તું આવા માર્ગમાં ભક્તિપૂર્વક સદા પરાયણ રહેજે. મિથ્યાત્વાદિમાં પરાયણ અજ્ઞાની જીવો ઈર્ષાથી આવા સુંદર માર્ગની પણ નિંદા કરે તો તેથી તું ખેદખિન્ન થઈને સ્વરૂપથી વિકળ થઈશ મા. તું તો પરમ ભક્તિથી માર્ગની આરાધનામાં જ તત્પર રહેજે. તુ તારા સ્વપ્રયોજનને સાધવામાં તત્પર રહેજે. નિંદા સાંભળીને તારા સ્વપ્રયોજનમાં ઢીલો થઈશ મા. જગતથી નિરપેક્ષપણે તું એકલો એકલો અંદર આવા સુંદર વીતરાગમાર્ગને ઉત્સાહથી સાધજે, પરમ ભક્તિથી સાધજે...સ્વરૂપને સાધવાના ઉલ્લાસભાવમાં મોળપ લાવીશ નહીં.

અહા, કેવો સુંદર માર્ગ! કેવો શાંત-શાંત માર્ગ! આવા સુંદર માર્ગને ઓળખીને તેની ભાવના કરવા જેવી છે, એટલે કે નિજાત્મામાં ઉપયોગ જોડીને શુદ્ધરત્નત્રયપરિણતિ કરવા જેવી છે.

તંત્રી : **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદક : **બ્ર. હરિલાલ જૈન**

વીર સં. ૨૪૯૮, પોષ (લવાજમ : ચાર રૂપિયા) વર્ષ ૨૯ : અંક ૩

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

આત્મધર્મ

વીર સં. ૨૪૯૮
પોષ
DEC. 1971

* વર્ષ : ૨૯ અંક ૩ *

# “વાહ રે વાહ સમયસાર ! ”

******************

[ પચાસ વર્ષના ઘોલનનો સુવર્ણમહોત્સવ ]

સંવત ૧૯૭૮ થી માંડીને આજ સં. ૨૦૨૮ એ પચાસ વર્ષ સુધી એકધારું સમયસારનું જેમણે ઘોલન કર્યું છે, એ ઘોલનમાંથી નીકળતો આનંદમય ચૈતન્યરસ ઘોળીઘોળીને જેમણે પીધો છે ને શ્રોતાઓને પીવડાવ્યો છે, એવા ગુરુદેવ આ ૧૭મી વખતના પ્રવચનમાં મહા પ્રમોદથી વારંવાર આચાર્યપ્રભુનો મહિમા કરે છે; સમયસારમાંથી અનુભૂતિનાં અદ્ભુત ભાવો ખોલતાં અતિ પ્રસન્નતાથી કહે છે કે અહા! આવું સમયસાર સાંભળવું તે પણ જીન્દગીનો એક લહાવો છે. અરે, ‘સાંભળવું’ તે પણ લહાવો છે, તો તેવી અનુભૂતિ પ્રગટે એની તો શી વાત! વાહ રે વાહ! શ્રી–ગુરુઓએ અમારા ઉપર મહેરબાની કરીને અમને શુદ્ધાત્માની અનુભૂતિ કરાવી છે. શ્રીગુરુની પ્રસન્નતાથી અમને અમારો નિજવૈભવ પ્રગટયો છે. અહા, આત્મામાંથી નિરંતર સુંદર આનંદનું મધુરું ઝરણું ઝરે છે.

પચાસ વર્ષના પ્રસંગને સુવર્ણજયંતી કહેવાય છે. આજે આપણને સમયસારના પચાસ વર્ષના ઘોલનનો મધુર ચૈતન્યરસ ગુરુદેવ પીવડાવી રહ્યા છે, તે રસનું પાન કરવું–એ ખરેખર જીવનનો સોનેરી પ્રસંગ છે. એ રસ ચાખતાં જ એમ થાય છે કે ‘વાહ, સમયસાર વાહ!’

# નિજ વૈભવ

( સમયસાર ગાથા ૫, માગશર સુદ ૧૩–૧૪ )

ચૈતન્યનો મીઠો સ્વાદ...એની શી વાત! એવા મીઠા સ્વાદથી ભરેલું એક ચૈતન્યતત્ત્વ હું તમને દેખાડું છું. અહા, અમારા આત્મામાં નિરંતર સુંદર આનંદનું મધુરું ઝરણું ઝરે છે, અમારી પરિણતિ આનંદમય થયેલી છે....વિભાવના ક્લેશથી છૂટીને આનંદનો વૈભવ અમને પ્રગટયો છે.–આવા નિજવૈભવ વડે હું સમયસારમાં શુદ્ધાત્મા દેખાડું છું. આના ભાવો ઝીલતાં તમને પણ, જ્ઞાન અને રાગની ભિન્નતા થઈને આત્મામાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થશે.

આચાર્યદેવ કુન્દકુન્દપ્રભુ કહે છે કે અહો! જગતમાં સુંદર એવું જે આત્માનું એકત્વ–વિભક્ત સ્વરૂપ, તે હું આ સમયસારમાં મારા આત્માના નિજવૈભવવડે દર્શાવું છું. અદ્ધરની કલ્પનાથી નથી કહેતો પણ ભગવાન પાસેથી જે સાંભળ્યું છે અને મારા સ્વાનુભવમાં જે આવ્યું છે–તે સાક્ષાત્ અનુભવેલું આનંદમય તત્ત્વ હું મારા નિજવૈભવથી દેખાડું છું. હે ભવ્યજીવો! તમે તે અનુભવગમ્ય કરીને પ્રમાણ કરજો.

નિજવૈભવ કેવો છે? તે ચાર બોલથી કહે છેઃ–

(૧) અરિહંતદેવના ઉપદેશરૂપ શબ્દબ્રહ્મની ઉપાસનાથી જેનો જન્મ છે, એટલે કે અમારો સમ્યગ્દર્શનાદિ આત્મવૈભવ પ્રગટવામાં શ્રી વીતરાગ અરિહંતદેવની વાણી જ નિમિત્ત છે; જિનવાણીમાં જેવો કહ્યો તેવો શુદ્ધઆત્મા અનુભવીને અમને નિજવૈભવ પ્રગટયો છે. આનાથી વિરુધ્ધ નિમિત્ત પ્રત્યે જેનું વલણ હોય તેને આત્માનો વૈભવ કદી પ્રગટે નહીં.

(૨) કુયુક્તિઓનું ખંડન કરનારી નિર્દોષ યુક્તિના અવલંબનવડે જેનો જન્મ થયો છે; મતિ–શ્રુતજ્ઞાનની નિર્મળ યુક્તિઓ વડે શુદ્ધઆત્માનું સ્વરૂપ સિદ્ધ કરીને તેને અનુભવમાં લીધું છે.

(૩) તીર્થંકરદેવ પરમગુરુથી માંડીને મારા ગુરુપર્યંત–તે બધા ગુરુઓ નિર્મળ વિજ્ઞાનઘન આત્મામાં અંતર્મગ્ન હતા, ચૈતન્યના વીતરાગી આનંદને અનુભવનારા હતા, એવા ગુરુઓએ પ્રસન્ન થઈને, પ્રસાદીરૂપે અમને શુદ્ધઆત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો, તેના

વડે અમારા આત્માનો વૈભવ પ્રગટયો છે. અને–

(૪) અમારા આત્મામાં નિરંતર સુંદર આનંદઝરતું અતિશય સ્વસંવેદન વર્તી રહ્યું છે, આવા શુદ્ધાત્માના સ્વસંવેદન વડે અમને કોઈ અદ્‌ભુત પરમ આત્મવૈભવ પ્રગટયો છે.–આ રીતે આગમની ઉપાસનાથી, સમ્યક્ યુક્તિના અવલંબનથી, ગુરુપરંપરાથી, ને આત્માના સ્વાનુભવથી–એમ સર્વ પ્રકારે મારા આત્માનો જે કોઈ અદ્‌ભુત વૈભવ ખીલ્યો છે, તે બધા વૈભવવડે હું શુદ્ધઆત્માનું એકત્વ–વિભક્ત સ્વરૂપ દેખાડું છું. અહા, આત્માના સ્વરૂપનો કોઈ અચિંત્ય ગંભીર મહિમા છે કે જે દેખાડવા માટે હું મારા આત્માના સમસ્ત વૈભવથી આ સમયસાર કહું છું; સમયસારમાં મારા સમસ્ત વૈભવથી હું શુદ્ધઆત્મા દેખાડીશ. તો હે શ્રોતાઓ! તમે પણ કોઈ અચિંત્ય મહિમા લાવીને, અપૂર્વ ભાવ પ્રગટાવીને, તમારા સ્વાનુભવથી આત્માના એકત્વસ્વરૂપને પ્રમાણ કરજો. માત્ર વિકલ્પ વડે નહિ પણ અંદરમાં વિકલ્પથી પાર સ્વાનુભવ વડે તમે પ્રમાણ કરજો.

વાહ, જુઓ તો ખરા આચાર્યદેવની શૈલી કેવી અલૌકિક છે! ભગવાને અને મારા ગુરુઓએ જે શુદ્ધાત્મા બતાવ્યો તે મેં મારા સ્વાનુભવથી પ્રમાણ કર્યો છે ને હવે તે જ શુદ્ધઆત્મા હું તને દેખાડું છું, તે તું પણ તારા સ્વાનુભવથી પ્રમાણ કરજે. આ સમયસારમાં હું જે એકત્વ–વિભક્ત શુદ્ધઆત્મા દેખાડવા માંગું છું–તેને જ તું લક્ષમાં લઈને અનુભવ કરજે; બીજી આડી–અવળી વાતમાં લક્ષને રોકીશ નહીં. શુદ્ધઆત્માના જ લક્ષે સમયસાર સાંભળજે.

આચાર્યદેવે નિજવૈભવનું વર્ણન કરતાં સાથે તેનું અપૂર્વ નિમિત્ત કેવું હતું તે પણ બતાવ્યું છે. મારો સ્વાનુભવ પ્રગટવામાં વીતરાગ અરિહંતદેવની વાણી મને નિમિત્તરૂપ હતી. અંદરની સર્વજ્ઞતાને અનુસરનારી જે સર્વજ્ઞની વાણી, તેમાં કહેલા ભાવોનું સેવન તે જ સમ્યગ્દર્શનાદિની ઉત્પત્તિનું કારણ છે. અહો, સર્વજ્ઞની વાણી જ આત્માનું સાચું સ્વરૂપ બતાવનારી છે. તે વાણીની અમે ઉપાસના કરી છે. અરે! અમને તો સાક્ષાત્ તીર્થંકર સીમંધરપરમાત્માની વાણી સીધી મળી છે.–એ વાણી આખા વિશ્વના સ્વરૂપને બતાવનારી છે. આવી જિનવાણીની ઉપાસના વડે અમને આત્માનો વૈભવ પ્રગટયો છે. તે વૈભવવડે આ સમયસાર રચાય છે.

**આ સમયસારમાં હું જે શુદ્ધાત્મા બતાવીશ તે મારા સ્વાનુભવપ્રત્યક્ષપૂર્વક બતાવીશ, એટલે તેમાં તો ક્યાંય ચૂકીશ નહીં. બીજી કોઈ અપ્રયોજનભૂત વ્યાકરણાદિ વાતમાં કદાચ ચુકી જવાય-અને કદાચ તારા ખ્યાલમાં**

**તે આવી જાય-તો તે શબ્દના લક્ષમાં તું અટકીશ નહીં, તેને ગ્રહણ કરવામાં રોકાઈશ નહીં; પણ મારું પ્રયોજન જે શુદ્ધાત્મા બતાવવાનું છે, તે જ પ્રયોજનને લક્ષમાં રાખીને તું પણ, હું જેવું કહું તેવું શુદ્ધઆત્માનું સ્વરૂપ અનુભવમાં લેજે. જ્યારે જ્યારે આ સમયસાર દ્વારા શુદ્ધાત્માનું સ્વરૂપ સાંભળવા મળે ત્યારે ત્યારે ભવ્યજીવો તેને પ્રમાણ કરજો.**

આત્માની સંપદા કેવી છે? તે અમે જાણી છે, અને આત્માનો મહાન વૈભવ અમને પ્રગટયો છે; તેમાં નિમિત્તરૂપ દેવ–ગુરુ અને વાણી કેવા હતા તે પણ બતાવ્યું.

સ્વભાવના અવલંબન વડે જે સમ્યક્ મતિશ્રુતજ્ઞાન પ્રગટયા, તે જ્ઞાનમાં એવી તાકાત છે કે બધી કુયુક્તિઓને તોડીને, તેણે આત્માના શુદ્ધ સ્વભાવનો વૈભવ પ્રગટ કર્યો છે. સ્વસન્મુખજ્ઞાન વડે આત્માનો અનુભવ તે અમારો વૈભવ છે; શુભવિકલ્પો કે દિગંબર શરીરરૂપ દ્રવ્યલિંગ–તે કાંઈ અમારો વૈભવ નથી, તે તો અમારાથી બાહ્ય છે. તમે પણ તેનું લક્ષ ન રાખશો; તમારામાં શ્રવણ વગેરેનો વિકલ્પ ઊઠે તેમાં પણ ન અટકશો. જે શુદ્ધાત્મા હું દેખાડું તેને વિકલ્પથી પાર થઈને લક્ષમાં લેજો.

વળી અમારા ગુરુઓએ અમને પ્રસન્નતાપૂર્વક શુદ્ધાત્માના ઉપદેશરૂપી પ્રસાદી આપી, તેને લીધે અમને આત્માનો વૈભવ પ્રગટયો છે. કેવા હતા અમારા ગુરુ? જેઓ વિજ્ઞાનઘન–ચૈતન્યસ્વભાવમાં ઊંડા ઊતરીને તેમાં અત્યંત મગ્ન હતા. તેમણે પ્રસન્ન થઈને અમને ઉપદેશ દીધો;–શેનો ઉપદેશ દીધો? કે શુદ્ધઆત્મતત્ત્વનો ઉપદેશ દીધો. તે ઉપદેશ ઝીલીને અમે પણ આત્મામાં જ અંતર્નિમગ્ન થઈને આત્મવૈભવ પ્રગટ કર્યો છે. સર્વજ્ઞપરમગુરુ અને પછી ગણધરાદિથી માંડીને ઠેઠ મારા ગુરુ સુધી,–તેઓ બધાય શુદ્ધઆત્મામાં અંતર્નિમગ્ન હતા,–એમ અમે અમારી અનુભૂતિના બળે જાણીએ છીએ; તે ગુરુઓએ જે શુદ્ધાત્માનો ઉપદેશ દીધો તેના પ્રતાપે અમને સ્વસંવેદનરૂપ વૈભવ પ્રગટયો છે. અને હવે હું મારા સ્વાનુભવવડે તે જ શુદ્ધઆત્મા (જે મારા ગુરુઓએ મને દેખાડયો ને જે મેં અનુભવ્યો તે જ) તમને દેખાડું છું. -**આમ અખંડધારા જોડી દીધી છે.**

અહા, જુઓ તો ખરા! પંચમકાળના મુનિની નિઃશંકતા! સર્વજ્ઞની પંક્તિમાં બધાને એક સાથે બેસાડી દીધા છે. સર્વજ્ઞને વિકલ્પ નથી, છદ્મસ્થને વિકલ્પ છે,–છતાં છદ્મસ્થને જ્ઞાનધારામાં તે વિકલ્પ કયાં છે? જેમ સર્વજ્ઞનું જ્ઞાન વિકલ્પથી જુદું છે તેમ સાધકનું સ્વસંવેદન જ્ઞાન પણ વિકલ્પથી જુદું જ પરિણમે છે.

સર્વજ્ઞદેવ વગેરે ગુરુઓએ શુદ્ધાત્માનો ઉપદેશ દીધો–તે તેમનો મહાન

ઉપકાર; પણ તે ઉપદેશ ઝીલ્યો કોણે? પોતે પાત્ર થઈને સ્વાનુભવવડે તે ઉપદેશ ઝીલ્યો, –એમ પોતાનાં ભાવ સહિતની વાત છે. અપૂર્વ ચૈતન્યરસ સમયસારમાં ઘોળ્યો છે.

**[ પ્રવચનમાં વચ્ચે-વચ્ચે ગુરુદેવ મહાપ્રમોદથી વારંવાર આચાર્યપ્રભુનો મહિમા કરે છે; સમયસારમાંથી અનુભૂતિના અદ્‌ભુત ભાવો ખોલતાં અતિ પ્રસન્નતાથી કહે છે કે અહા! આવું સમયસાર સાંભળવું તે પણ જીંદગીનો એક લહાવો છે. અરે, 'સાંભળવું' તે પણ લહાવો છે, તો તેવી અનુભૂતિ પ્રગટે એની તો શી વાત? વાહ રે વાહ! શ્રીગુરુઓએ અમારા ઉપર અત્યંત મહેરબાની કરીને અમને શુદ્ધાત્માની અનુભૂતિ કરાવી છે. શ્રીગુરુની પ્રસન્નતાથી અમને અમારો નિજવૈભવ પ્રગટયો છે. ]**

'અહા, આત્મામાં નિરંતર સુંદર આનંદનું મધુરું ઝરણું ઝરે છે...અતીન્દ્રિય આનંદનો પ્રવાહ અમારી પરિણતિમાં નિરંતર વહે છે.'–જુઓ, આવા સ્વાનુભવપૂર્વકની વાણી આ સમયસારમાં છે. સાધકની અનુભૂતિમાં આનંદની લહેર છે. અમારા આત્માનું સ્વસંવેદન અતીન્દ્રિય આનંદની છાપવાળું છે. જગતના કોઈપણ પદાર્થમાં સુખની કલ્પના છૂટી ગઈ, ને આત્માનો મહાન આનંદ અમને પ્રગટયો. આત્માના આવા વૈભવપૂર્વક હું એકત્વ–વિભક્ત આત્મા દેખાડીશ, તેને તમે સ્વાનુભવથી પ્રત્યક્ષ કરીને પ્રમાણ કરજો.

વાહ! ચૈતન્યનો મીઠો સ્વાદ...એની શી વાત! એવા મીઠા સ્વાદથી ભરેલું એક ચૈતન્યતત્ત્વ હું તમને દેખાડું છું. અમારા આત્માની પરિણતિ આનંદમય થયેલી છે, અનાદિના વિભાવ–ક્લેશ તેનાથી અમે છૂટયા છીએ ને આનંદની ધારામાં આવ્યા છીએ. વિભાવનો ક્લેશ છૂટીને આનંદમય વૈભવ અમને પ્રગટયો છે. –આવા વૈભવ વડે હું શુદ્ધાત્મા બતાવીશ. શુદ્ધાત્મા અચિંત્ય મહિમાવાળી વસ્તુ, તેને ગમે તેવા (સ્વાનુભવ વગરના) જીવો બતાવી શકે નહિ, આવો આત્મવૈભવ જેને પોતામાં પ્રગટયો હોય તે જ શુદ્ધઆત્માનું સ્વરૂપ દેખાડી શકે.

સમ્યગ્દર્શન થતાં જ આત્મામાં અતીન્દ્રિય આનંદની મહોર લાગી જાય છે, આત્મવૈભવ ખીલી જાય છે. **આ સમયસાર તો અતીન્દ્રિય આનંદરૂપે પરિણમેલા જીવોના હૃદયમાંથી નીકળેલું મહાન શાસ્ત્ર છે. અહા, ભાગ્યવાન જીવોને માટે આ ભાગવતશાસ્ત્ર રચાઈ ગયું છે. સંતોના આત્માના વૈભવમાંથી નીકળેલા શુદ્ધાત્માનું આવું શ્રવણ કોઈ અપૂર્વ મહાભાગ્યે મળે છે. એનાં ભાવો ઝીલનાર જીવને, જ્ઞાન અને રાગ વચ્ચે તીરાડ પડીને અંદરથી અતીન્દ્રિય આનંદ ઝરે છે...ને તે ભવનો અંત કરીને અશરીરી સિદ્ધપદને પામે છે.**

卐 जय समयसार 卐

# જ્ઞાન ભાવના આનંદ આપે છે.

[ માગશર વદ ત્રીજ : નિયમસાર ગા. ૧૭૦ ]

* જ્ઞાન તે આત્માનો સાચો સ્વભાવ છે; તેમાં રાગ નથી. આવા જ્ઞાનસ્વભાવી આત્માની ભાવના તે મોક્ષનું કારણ છે.
* જ્ઞાન તે આત્માની સ્વભાવક્રિયા છે, આત્મા પોતે સ્વભાવથી તે ક્રિયારૂપ થાય છે, તે જ્ઞાનક્રિયાને અને આત્માને તાદાત્મ્યપણું છે–એકરૂપપણું છે; તેથી તે જ્ઞાનવડે આત્મા પોતે પોતાને જાણે જ છે. આત્મા કર્તા ને જ્ઞાન તેનું સાધન એમ કહેવા છતાં તે કર્તા અને કરણ બંને અભેદ છે, જુદાં નથી.
* પુણ્ય–પાપ–વિકલ્પો તે વિભાવક્રિયા છે, આત્માના સ્વભાવરૂપ તે ક્રિયા નથી; તે વિભાવક્રિયાને આત્માના જ્ઞાનસ્વભાવ સાથે એકરૂપ–તાદાત્મપણું નથી, જ્ઞાનથી ભિન્ન જાત હોવાથી તેને ખરેખર સંયોગરૂપ સંબંધ છે. તેથી તે વિકલ્પરૂપ વિભાવ ક્રિયાવડે આત્મા જણાતો નથી. રાગથી જુદું પડીને પોતાના આત્મા સાથે જે એકમેક થાય તે જ્ઞાન આત્માને જાણી શકે છે. આત્માનો જ્ઞાનસ્વભાવ અને રાગાદિવિભાવ તેમને વિશેષપણું છે–જુદાપણું છે, બંને વચ્ચે સમાનપણું નથી પણ મોટો તફાવત છે.
* જ્ઞાન આત્મા સાથે તાદાત્મ્યપણે તેને જાણે છે. રાગને આત્મા સાથે તાદાત્મ્ય નથી, ને તે આત્માને જાણતો પણ નથી. આ રીતે જ્ઞાન અને રાગને અત્યંત જુદાઈ છે.
* આ રીતે જ્ઞાન અને વિભાવનું ભેદજ્ઞાન કરીને, જ્ઞાનવડે જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો, તે ખરેખર સ્વભાવવાદ છે. જ્ઞાન અને આત્માનો ભેદ માનવો તે વિભાવવાદ છે.
* જ્ઞાન તે ખરેખર આત્માનું સ્વરૂપ છે. જ્ઞાન પોતે પોતામાં એકાગ્ર રહીને પોતાને તેમજ સમસ્ત પદાર્થોને જાણે છે. જ્ઞાન પોતે આત્માના સ્વરૂપમાં નિશ્ચલ છે. આવા જ્ઞાનની ભાવના કરવી તે અચલ–મોક્ષઆનંદનો ઉપાય છે. મોક્ષનો આનંદ જોઈતો હોય તેણે જ્ઞાનની ભાવના ભાવવી; જ્ઞાનની ભાવના કહો કે જ્ઞાનસ્વરૂપ આત્માની ભાવના કહો, તેમાં વચ્ચે રાગની ભાવના ન આવે; રાગવડે જ્ઞાનની ભાવના ન થાય. રાગથી જુદો પડી, જ્ઞાનરૂપ થઈને જ્ઞાનની ભાવના થાય છે, ને તે ભાવના વડે પૂર્ણ જ્ઞાન–

આનંદરૂપ મોક્ષફળ પમાય છે. જ્ઞાનભાવના તે માર્ગ, અને મોક્ષ તે માર્ગનું ફળ, એ બંને જ્ઞાનમાં જ સમાય છે.

* ચોથા ગુણસ્થાને ભેદજ્ઞાન થતાં જ્ઞાનભાવના શરૂ થઈ ગઈ છે; ત્યાં જે જ્ઞાન–પરિણમન છે તે પોતાના સ્વરૂપમાં જ નિશ્ચલ છે, તે રાગ સાથે એક થતું નથી, જુદું જ રહે છે. એ જ જ્ઞાનધારા વધતી વધતી જ્યારે પૂર્ણ થાય છે ત્યારે અવિનાશી આનંદમય મોક્ષફળ પ્રગટે છે. માટે મોક્ષેચ્છુ જીવે જ્ઞાનભાવના નિરંતર ભાવવી.

* જ્ઞાનભાવનામાં ધર્મીને આનંદનું વેદન છે, તે આનંદમાં ઉપસર્ગનો અભાવ છે. જેમ સિદ્ધને મોહ કે ઉપસર્ગ નથી, તેમ ધર્મીને પણ શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ જ્ઞાનભાવનામાં મોહ નથી, ઉપસર્ગ નથી. વાહ, જુઓ! આ સાધકની જ્ઞાનભાવના! મોહ કે ઉપસર્ગ તે જ્ઞાનભાવનાથી બહાર છે.

* આવી અપૂર્વ જ્ઞાનભાવના ભાવનાર સાધક કહે છે કે અહો! કેવળજ્ઞાન થાય ત્યારની તો શી વાત!–અત્યારે સાધકદશામાં પણ અમારું જ્ઞાન સીધું –સ્વસંવેદન પ્રત્યક્ષપૂર્વક અમારા આત્માને સ્પષ્ટ જાણે જ છે. હમણાં અમારું જ્ઞાન, ભલે મતિશ્રુતરૂપ છે તોપણ આત્માના સ્વભાવમાં એકતાપણે પરિણમતું થકું આત્માને ચોક્કસ જાણે છે. જ્ઞાન સીધું આત્માને જાણે છે એટલે વચ્ચે કોઈ વિકલ્પને–રાગને–ઇન્દ્રિયના અવલંબનને તે સ્વીકારતું નથી. જ્ઞાન પોતે આત્માનું શુદ્ધ સ્વરૂપ જ છે, તે પોતે પોતાને ન જાણે એ કેમ બને? જ્ઞાન આત્માથી કાંઈ જુદું નથી કે તે આત્માને ન જાણે.

* અંતરમાં જ્ઞાનભાવના વડે, જ્ઞાનને સીધું આત્મામાં એકાગ્ર કરીને, આત્માને સાક્ષાત્ જાણવો તે જ લાખો વાતનો સાર છે, તે જ મોક્ષનું કારણ છે; તે જ સ્વભાવ છે; અહા, કોઈ અચિંત્ય જ્ઞાનસ્વભાવ છે કે જે આત્મામાં તન્મય રહીને આત્માને સાક્ષાત્ જાણે છે; આત્માને જાણનારું આ જ્ઞાન સદાય આનંદમય અમૃતનાં ભોજન કરનારું છે, પોતે સહજ પરમ આનંદરૂપ છે. તેમાં કોઈ રાગાદિનો પ્રવેશ નથી.

* રાગ આત્માને જાણી શકતો નથી, કેમ કે તે આત્માથી ભિન્ન છે.

* જ્ઞાન સ્વયં આત્માને સાક્ષાત્ જાણે છે, કેમ કે તે આત્માનો અભિન્ન સ્વભાવ છે.

**હે જીવ! આવા જ્ઞાનસ્વભાવી આત્માની તું ભાવના કર.**

**તે ભાવના વડે તને મોક્ષના પરમ આનંદનો અનુભવ થશે.**

**સ્વમાં તન્મય થયા વગર જ્ઞાન સ્વને જાણી શકે નહીં.**

**પરમાં તન્મય થાય તો જ્ઞાન પરને જાણી શકે નહીં.**

આત્મા એવી સ્વવસ્તુ છે કે તેમાં તન્મય થઈને જ જ્ઞાન તેને જાણે; તેનાથી જુદું રહીને જ્ઞાન તેને જાણી શકે નહીં. રાગ તો સ્વભાવથી જુદો છે તેથી તે આત્મસ્વભાવને જાણી શકતો નથી.

રાગ તો જ્ઞાનથી ભિન્ન હોવાથી, તેનાથી જુદું રહીને જ જ્ઞાન તેને જાણે, પણ જો તેમાં તન્મય થાય તો તે રાગને જાણી શકે નહીં.

વાહ! આત્મા અને રાગનું કેવું ભેદજ્ઞાન છે!

તે ભેદજ્ઞાન, આત્મામાં તો એકતા કરે છે ને રાગને જુદો રાખે છે,–એ રીતે બંનેને જુદા કરી નાંખે છે, ને રાગથી ભિન્ન જ્ઞાનાનંદમય આત્માને સાધે છે–અનુભવે છે. જ્ઞાન સ્વને તો તન્મય થઈને જાણે છે, ને પરને તેનાથી ભિન્ન રહીને જાણે છે,–એવો તેનો સ્વભાવ છે,–માટે સ્વઆત્માનું જ્ઞાન તે નિશ્ચય છે; રાગાદિ પરનું જ્ઞાન તે વ્યવહાર છે.

નિશ્ચય વગર વ્યવહાર હોય નહીં, એટલે આત્માને જાણ્યા વગર પરનું સાચું જ્ઞાન થાય નહીં; સ્વપૂર્વક પરનું સાચું જ્ઞાન થાય છે.

સાચું જ્ઞાન જાણે છે કે મારું સ્વ તે આત્મા છે; રાગાદિ તે કાંઈ મારું સ્વ નથી, મારાથી તો તે પર છે–જુદા છે.

–આવા ભેદજ્ઞાન વડે ધર્મીજીવ આનંદથી મોક્ષને સાધે છે.

*****

| | | |
|---|---|---|
| સિદ્ધનગર છે સુખીનગર | આનંદમય છે આત્મનગર | એકત્વ છે મુજ આત્મવૈભવ, |
| મહા સુખ ત્યાં દેહવગર. | તેમાં વસ, ભવસાગર તર! | ફરી હવે કદી કરું ન ભવ. |

# સ્વયં શોભતું અદ્‌ભુત આત્મરત્ન

[ માગશર વદ ૧૧ ] [ નિયમસાર ગા. ૧૮૦ ]

પોતે પોતાથી જ જે શોભિત છે તેને બીજા અલંકારની શી જરૂર છે?

જેમ સિદ્ધભગવંતો પોતાના કેવળજ્ઞાનાદિ નિજગુણરૂપ અવયવોથી સ્વયં અલંકૃત છે, નિજગુણોથી આત્મા સ્વયં શોભે છે, ત્યાં બીજા કોઈ અલંકારની તેમને જરૂર નથી.

બાપુ! તારો આત્મા પણ નિજગુણોથી સ્વયં સુશોભિત છે, તારી શોભા માટે બહારના કોઈ અલંકારની જરૂર નથી.

સંસારના રાગી જીવોને શરીરના અવયવોની શોભાથી સંતોષ નથી તેથી શોભા માટે બીજા અલંકારોથી શરીરને શણગારે છે. પણ સમ્યક્‌ત્વાદિ દિવ્યરત્નોથી સ્વયં શોભિત આત્માને બીજા કોઈ અલંકારની જરૂર નથી.

જેમ સ્વયં ઝગઝગતા ઉત્તમ સુશોભિત રત્નને, બીજા રત્નવડે શણગારવાની જરૂર પડતી નથી, સ્વયં પ્રકાશથી જ તે શોભે છે, તેમ સમ્યક્‌ત્વાદિ અનંત ગુણના પ્રકાશ વડે સ્વયં શોભતા ઉત્તમ આત્મરત્નને બહારની કોઈ ચીજવડે શોભા નથી. સર્વજ્ઞસ્વભાવી, આનંદસ્વભાવી હું પોતે, મારા સ્વભાવની મોટપ અને શોભા પાસે જગતના કોઈ પદાર્થની કે પુણ્યની રાગની કાંઈ જ મહત્તા નથી.

અરે, આત્મા કોને કહેવાય? એની અચિંત્ય કિંમતની શી વાત? જેનો સ્વીકાર કરતાં જ શાંતિ થાય, આનંદ થાય, સુખ થાય, બધા સમાધાન થઈ જાય, અનંતા ગુણ એક સાથે નિર્મળપણે ખીલીને આત્મા શોભી ઊઠે છે,–જેમાં કષાયનું કે દુઃખનું નામનિશાન નથી. આવું અદ્‌ભુત આત્મતત્ત્વ છે.

–આવું અદ્‌ભુત આત્મરત્ન હું જ છું–એમ હે જીવ તું દેખ.

# મોક્ષાર્થી જીવે સ્વકાર્યને કઈ રીતે સાધવું ?

[ નિયમસાર ગાથા ૧૫૫ થી ૧૫૮ ના પ્રવચનોમાંથી. માગશર સુદ ૧ થી ૫ ]

હે ભવ્ય! તારા સહજ તત્ત્વની આરાધનામાં તું અછિન્ન રહેજે...આનંદથી તેને આરાધજે. જગતના ભયથી તું તારી આરાધનામાંથી ડગીશ મા. આ જૈનશાસનમાં કહેલા પરમ ગંભીર ચૈતન્યતત્ત્વને કોઈક વિરલા જ અનુભવે છે. માટે લૌકિકજીવોનો સંગ છોડીને તું એકલો તારા સ્વકાર્યમાં તત્પર રહેજે ને અંતરમાં તારા જ્ઞાનનિધાનને ભોગવજે. જગત તારી પ્રશંસા કરે કે નિંદા કરે–તેની સામે જોવા ઊભો ન રહીશ. પરમ આનંદભાવથી ઉલ્લસતા તારા તત્ત્વમાં સન્મુખ થઈને તેને જ સાધજે. આત્માને સાધવામાં લોકનો ભય રાખીશ નહીં.

* * * * *

હે ભવ્ય! શુદ્ધનિશ્ચયસ્વરૂપ પરમાત્મતત્ત્વનું ધ્યાન મહાન આનંદરૂપ છે, ને આવા પરમાત્મધ્યાનને જ જિનભગવાને મોક્ષ માટેની આવશ્યકક્રિયા કહી છે; મોક્ષને માટે આવા ઉત્તમ સ્વકાર્યને નિરંતર સાધવું.–કઈ રીતે સાધવું ? તે કહે છે.

પ્રથમ તો સ્વભાવ અને પરભાવની ભિન્નતાના અભ્યાસરૂપ ભેદજ્ઞાનવડે મોક્ષના કારણરૂપ સ્વભાવક્રિયાને, સત્ક્રિયાને બરાબર સ્પષ્ટ ઓળખવી. રાગથી પાર એવા શુદ્ધભાવરૂપ ક્રિયા તે જ મોક્ષના કારણરૂપ ક્રિયા છે, એટલે પરમાત્મતત્ત્વમાં પરિણતિની એકાગ્રતા તે જ મોક્ષની સત્ ક્રિયા છે; બીજી કોઈ શુભાશુભ ક્રિયાઓ મોક્ષનું કારણ નથી.–આમ બરાબર જાણીને મુમુક્ષુએ પોતાના એકત્વમાં રહીને સ્વકાર્યને સાધવું. આવી સાધના ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે.

આનંદધામ એવા સ્વતત્ત્વને સાધવામાં મશગુલ મુનિઓને તો લોકોના સંગની આસક્તિ છૂટી ગઈ છે; ને ચોથા ગુણસ્થાને સમ્યગ્દ્રષ્ટિને પણ સર્વે બાહ્યસંગની પ્રીતિ છૂટીને, પોતાના સ્વતત્ત્વનો જ પ્રેમ છે, ને તેને જ સાધવામાં તે તત્પર છે.

અહા, મારો આત્મા આવું મહાનતત્ત્વ, જેમાંથી એકલી શાંતિ જ પ્રગટે, તેમાં એકાગ્ર થઈને એકલો–એકલો હું મારી શાંતિને વેદું, તેમાં જગતના કોઈ બીજાના સંગનું મારે શું કામ છે? મારી શાંતિ કોઈ પરના સંગમાંથી નથી આવતી; પરસંગરહિત, એકલો પોતામાં જ રહીને હું મારી શાંતિને અનુભવું છું. મારી પર્યાય અંતરમાં વળીને મારા શુદ્ધતત્ત્વનો જ સંગ કરે છે–એકતા કરે છે; મારામાં દ્રવ્ય ને પર્યાય એવા ભેદમાંય હું અટકતો નથી; પરના સંગ વગરનો અને દ્વૈતના વિકલ્પ વગરનો, એકત્વમાં ડોલતો એકલો થઈને હું મારા મોક્ષસુખને સાધું છું; –આ જ મારું કાર્ય છે.

આ રીતે સ્વતત્ત્વને અને તેમાં એકાગ્રપર્યાયરૂપ સત્ ક્રિયાને જાણી, સર્વસંગથી પાર એવા એકત્વચૈતન્યના લક્ષે એકલો થઈને, મૌનપણે સ્વકાર્યને સાધવું. કોઈ અજ્ઞાનીઓ નિંદા કરે–ઈર્ષા કરે, તોપણ પોતાની સાધનામાં ભંગ પાડવો નહીં. પોતાની અંતર્મુખપરિણતિને છિન્નભિન્ન થવા ન દેવી, લોકસંબંધી સંકલ્પ–વિકલ્પોને એકકોર મૂકીને એકલા–એકલા પોતાના સ્વકાર્યને પોતામાં સાધવું. અરે, મારા અલૌકિક અચિંત્ય ચૈતન્યતત્ત્વની અનુભૂતિ પાસે આ લોક તો તૃણસમાન લાગે છે. લોકના જીવો આવા ચૈતન્યને દેખતા જ નથી, પછી તેમના વચનની શી કિંમત? ચૈતન્યનું કાર્ય શું, ચૈતન્યની સાચી ક્રિયા શું? તેમાં કેવી અકષાય શાંતિ છે? તેની જેને ખબર નથી એવા મૂર્ખ જીવો કદાચ તેની નિંદા કરે, તોપણ ધર્મીમુમુક્ષુજીવો આત્માને સાધવારૂપ નિજકાર્યને છોડતા નથી. અહા! મારી પર્યાય અંતર્‌તત્ત્વમાં પ્રવેશીને મોક્ષના સુખને સાધી જ રહી છે, આવું મહાન કાર્ય અમારી પર્યાયમાં સધાઈ જ રહ્યું છે, ત્યાં જગતની દરકાર ક્યાં છે? જગતની સ્પૃહા છોડીને આત્માના એકત્વમાં આવ્યો ત્યારે તો આવા સમ્યક્‌ત્વાદિરૂપ મહાન કાર્ય થયું છે. તેમાં હવે લોકભયથી ધર્મીજીવ ભંગ પડવા દેતા નથી.

ભાઈ, મોક્ષની ક્રિયા તો પર્યાય છે, ને તે પર્યાય અંતરના શુદ્ધતત્ત્વને આશ્રિત છે. મોક્ષની સાચી ક્રિયા તે શુદ્ધ પર્યાય છે ને તે પર્યાયરૂપે આત્મા પોતે થાય છે, તેમાં પરસંગ નથી, વચનવિકલ્પ નથી, એકલા પોતાના પરમાત્મતત્ત્વનું ધ્યાન છે. આવી સત્ય ક્રિયાને જાણીને હે મુમુક્ષુ! તું લોકથી નિરપેક્ષપણે એકલો–એકલો તેને નિરંતર સાધજે. જગત એને જાણે કે ન જાણે, પ્રશંસા કરે કે નિંદા કરે, તેની સામે જોવા ઊભો ન રહીશ, પરમ આનંદભાવથી ઉલ્લસતું તારું તત્ત્વ તેની સન્મુખ થઈને તેને જ સાધજે. આત્માને સાધવામાં લોકનો ભય રાખીશ નહીં.

આ જગતમાં શાશ્વત પરમસુખ દેનારું પોતાનું પરમ ચૈતન્યતત્ત્વ જ છે; એનાથી બહાર જેટલા પ્રશસ્ત–અપ્રશસ્ત વિકલ્પો છે તે તો બધાય સંસારદુઃખનું જ મૂળ છે. તે બાહ્યભાવોથી કે લોકસંગથી સ્વપ્નેય સુખ મળે તેમ નથી. અનેક પ્રકારનાં વિચિત્ર જીવો આ લોકમાં છે તેમની સાથે વચનવિવાદ કરવા જેવું નથી. મહા ભાગ્યે જિનમાર્ગ પામીને, તેમાં કહેલા પરમાત્મતત્ત્વને પોતે એકલા એકલા પોતાના અંતરમાં સાધી લેવા જેવું છે. જે તત્ત્વમાં જતાં શાંતિનું વેદન થાય એવું તો એક નિજતત્ત્વ જ છે–જે સદાય મહાઆનંદ દેનારું છે. હે જીવ! આવા તત્ત્વમાં ઊંડો ઊતરીને તેને જ તું સાધ...તેને જ અનુભવ. લોકની કોઈ કલ્પનાજાળનો તેમાં પ્રવેશ નથી.

દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ પ્રત્યેક વસ્તુ ભગવાન સર્વજ્ઞદેવના જ શાસનમાં કહી છે, બીજા કોઈ યથાર્થ વસ્તુસ્વરૂપ જાણી શકયા નથી. માટે હે ભાઈ! મહાભાગ્યથી સર્વજ્ઞનો માર્ગ પામીને તું તારા સ્વાધીન દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણીને, જગતથી નિસ્પૃહપણે તારામાં એકલો આત્માના આનંદને સાધજે. દુઃખપર્યાય છોડીને સુખપર્યાયરૂપે થવું છે, તે સુખરૂપે કોણ થશે? તું પોતે દ્રવ્ય–ગુણના સામર્થ્યથી તે સુખપર્યાયરૂપે થઈશ; દ્રવ્ય–ગુણપણે ત્રિકાળ ટકીને આત્મા પોતે અંતર્મુખપણે સુખ–પર્યાયરૂપ પરિણમે છે. દ્રવ્ય–ગુણ–પર્યાયને ન માને તો આવું કાર્ય બની શકતું નથી. જગતના જીવો તો આવા તત્ત્વને ન ઓળખે, જ્ઞાનીની અંતરદશાને ન ઓળખે એટલે તે તો અજ્ઞાનને લીધે સત્‌ની નિંદા કરે, આરોપ મુકે, ઈર્ષા કરે, પણ સાધક તેની દરકાર કરતો નથી, તે તો જાણે છે કે અરે, સુખ માટે મારે જગત સાથે કયાં પ્રયોજન છે? મારા સુખ માટે મારા અંતરના દ્રવ્ય–ગુણસ્વભાવ સાથે જ મારે પ્રયોજન છે; માટે નિજસ્વભાવના આશ્રયે મૌનપણે હું મારા કાર્યને સાધી જ રહ્યો છું, એટલે કે મારા એકત્વનું સુખ મારામાં મને અનુભવાઈ જ રહ્યું છે, મારું નિજતત્ત્વ પોતે જ શાશ્વત સુખદાયક છે, તેને હું અવલંબી રહ્યો છું, પછી બીજા નિંદા કરે તો કરો, તેનો મને ભય નથી, પ્રશંસા કરે તો તેની પણ સ્પૃહા નથી.

અહા, જુઓ તો ખરા આ જૈનશાસન! જૈનશાસનમાં આવો નિરપેક્ષ, એકલા આત્માને જ અવલંબનારો મોક્ષમાર્ગ છે. આવું જૈનશાસન પામીને પોતે પોતાના સ્વકાર્યને સાધી લેવું, બીજા જીવો સાથે વાદવિવાદમાં ન પડવું. જગત તો વિચિત્ર જીવોનો સમૂહ છે, તેમાં બધાય જીવો આવું ગંભીર ચૈતન્યતત્ત્વ સમજી જાય–એ તો અસંભવ છે, કોઈક વિરલા જીવો જ ચૈતન્યતત્ત્વને અનુભવે છે. માટે તું લૌકિકજીવોનો સંગ છોડીને

અંતરમાં તારા જ્ઞાનનિધાનને ભોગવજે. તારા સહજ તત્ત્વની આરાધનામાં તું અછિન્ન રહેજે...આનંદથી તેને આરાધજે. જગતના ભયથી તું તારી આરાધનામાંથી ડગીશ મા. હે મુમુક્ષુ! નિર્વિકલ્પ થઈને તારી પરિણતિને પરમ આનંદમય પોતાના સહજ તત્ત્વમાં જોડજે.

'આત્મપ્રવાદ' એટલે આત્માનું સ્વરૂપ પ્રતિપાદન કરનારાં જે શાસ્ત્રો, તેમાં કહેલા પરમાત્મસ્વરૂપને જાણીને જે મુમુક્ષુ પોતે આત્મજ્ઞાનરૂપે પરિણમ્યો છે, એવા પરમઆત્મજ્ઞાની જીવ લોકનિંદાના ભયને છોડે છે; લોકો ભલે ગમે તેમ બોલે, નિંદા કરે, તિરસ્કાર કરે, એ તો બધું સંસારમાં ચાલ્યા જ કરે, તેમાં મને શું? હું તો મારા પરમાત્મતત્ત્વના શાશ્વત સુખને મારામાં સાધી જ રહ્યો છું. આવા પરમાત્મતત્ત્વને નહીં જાણનારા પશુ જેવા જીવો ગમે તેમ બોલે તેની કિંમત શું? મારા ચૈતન્યતત્ત્વના સુખ પાસે દુનિયા તો તરણાં જેવી છે. આમ જેણે પોતાના પરમ ચૈતન્યસુખનો રસ અંતરમાં ચાખ્યો છે તે મુમુક્ષુને બાહ્યવિકલ્પો કે લોકનો સંગ ગમતો નથી; તેની પરિણતિ પોતાના અંતર્–આત્મતત્ત્વ સિવાય બીજે ક્યાંય ઠરતી નથી, બીજે ક્યાંય તેને સુખ લાગતું નથી. અરે, મારા ચૈતન્યસુખને જગતની અપેક્ષા જ નથી પછી તેનો ભય કેવો? આમ નિર્ભયપણે, જગતથી નિરપેક્ષપણે ધર્મી પોતાના પરમતત્ત્વને સાધે છે. અરે, લોકને રાજી રાખવા માટે હું કાંઈ કરતો નથી, હું તો મારા આત્માને રાજી રાખવા માટે, એટલે આત્માના આનંદના વેદન માટે, લોકસંગ છોડીને એકલોએકલો ચૈતન્યના એકત્વને સાધી રહ્યો છું.

[ આ લેખના બીજા સુંદર ભાગ માટે જુઓ પાનું ૨૫ ]

* * * * *

## * ક્ષમારૂપી મજબુત ઢાલ *

દુષ્ટ જીવો દ્વારા ગમે તેટલો ઉપદ્રવ થાય પરંતુ, જેને કદી ક્રોધ જ ઉત્પન્ન થતો નથી એવા ક્ષમાવંત ધર્માત્માઓનું તે દુષ્ટ જીવો કાંઈ પણ બગાડી શકતા નથી. ક્ષમારૂપી ઉત્તમ ઢાલની સામે ગમે તેવા ઉપદ્રવનો પ્રહાર વ્યર્થ જાય છે. માટે આત્માની શુદ્ધતાની સિદ્ધિ અર્થે સદા ઉત્તમ ક્ષમા ધારણ કરવી અને દુષ્ટ–શત્રુ ઉપર પણ કદી ક્રોધ ન કરવો,–તે ઉત્તમપુરુષોનું કર્તવ્ય છે. ( –પાંડવવત્ )

* * * * *

# સમ્યગ્દષ્ટિનાં આઠ અંગનું સુંદર વર્ણન

## આખુંય ચૈતન્યતત્ત્વ જેમાં ઉલ્લસે છે એવા સમ્યક્ત્વનો અદ્ભુત મહિમા

અહા, ચૈતન્યમાં અનંત સ્વભાવો ભર્યા છે, તેનો મહિમા અદ્ભુત છે. તેની સન્મુખ થઈને રાગરહિત નિર્વિકલ્પ પ્રતીત કરતાં અતીન્દ્રિય આનંદના વેદન સહિત સમ્યગ્દર્શન થાય છે; તેમાં અનંત ગુણોનાં નિર્મળ ભાવો સમાય છે, તે મોક્ષમાર્ગ છે. આવા સમ્યક્ત્વની સાથે ધર્મીજીવને નિઃશંકતાદિ આઠ ગુણ કેવા હોય છે તેનું આનંદકારી વર્ણન ચાલે છે. પાંચ અંગનું વર્ણન આપે છેલ્લા બે અંકમાં વાંચ્યું, બાકીનાં ત્રણ અંગનું વર્ણન આપ અહીં વાંચશો. આ વર્ણન પૂ. ગુરુદેવના છહઢાળા–પ્રવચનમાંથી લીધું છે. (સં.)

## 卐 ૬. સ્થિતિકરણ–અંગનું વર્ણન 卐

કોઈ કષાયવશ, રોગાદિની તીવ્ર વેદનાવશ, કુસંગથી, લોભથી કે અનેકવિધ પ્રતિકૂળતાના પ્રસંગમાં ધર્મી જીવ શ્રદ્ધાથી કે ચારિત્રથી ડગતો હોય કે શિથિલ થતો હોય તો પ્રેમપૂર્વક વૈરાગ્ય–ઉપદેશથી કે બીજા અનેક ઉપાયથી ધર્મમાં તેને સ્થિર કરવો, પોતાના આત્માને પણ ધર્મમાં દ્રઢ કરવો ને બીજા સાધર્મીને પણ ધર્મમાં દ્રઢ કરવો–તે સ્થિતિકરણ છે. શરીરમાં કોઈ તીવ્ર રોગ આવે, વેપારમાં અચાનક મોટી ખોટ જાય, સ્ત્રી–પુત્રાદિનું મૃત્યું થયું હોય, કોઈ વિશેષ માન–અપમાનનો પ્રસંગ બન્યો હોય, ત્યાં પોતાના પરિણામને શિથિલ થતા દેખે તો ધર્માત્મા તરત જ્ઞાન–વૈરાગ્યની ભાવના વડે પોતાના આત્માને ધર્મમાં દ્રઢ કરે કે અરે આત્મા! આ તને શું થયું? આવો મહા પવિત્ર રત્નત્રયધર્મ પામીને આવી કાયરતા તને શોભતી નથી. તું કાયર ન થા; અંતરમાં શુદ્ધઆત્મસ્વરૂપ દેખ્યું છે તેની ફરીફરીને ભાવના કર. સંસારના દુર્ધ્યાન વડે તો અનંત–

વાર નરકાદિનાં તીવ્ર દુઃખો તેં ભોગવ્યાં, માટે હવે દુર્ધ્યાન છોડ...ને ચૈતન્યની ભાવના ભાવ.–આમ અનેક પ્રકારના ચિંતનથી પોતાના આત્માને ધર્મમાં સ્થિર કરે; તથા બીજા સાધર્મીજનોને પણ પોતાના જ સમજીને સર્વ પ્રકારની સહાયથી ધર્મમાં સ્થિર કરે. –આવો ભાવ ધર્માત્માને હોય છે. કોઈને ઉપદેશવડે ઉત્સાહિત કરે, કોઈને ધનથી પણ મદદ કરે, કોઈને શરીરની સેવા કરે, કોઈને ધૈર્ય આપે, કોઈને અધ્યાત્મની મહાન ચર્ચા સંભળાવે, –એમ સર્વ પ્રકારે તનથી–મનથી–ધનથી–જ્ઞાનથી ધર્માત્માની મુંઝવણ મટાડીને તેને ધર્મમાં દ્રઢ કરે. અરે, અનંતકાળે આવો મનુષ્યભવ ને આવો જૈનધર્મ મળ્યો, તેને ચૂકી જશો તો ફરી અનંતકાળે આવો અવસર મળવો કઠણ છે. અત્યારે જરાક પ્રતિકૂળતાના દુઃખથી ડરી જઈને જો ધર્મની આરાધના ચૂકી જશો તો સંસારમાં નરકાદિના અનંત દુઃખ ભોગવવા પડશે. નરકાદિના દુઃખ પાસે તો આ પ્રતિકૂળતા કાંઈ જ હિસાબમાં નથી. માટે કાયર થઈને આર્તપરિણામ ન કરો, વીર થઈને ધર્મધ્યાનમાં દ્રઢ રહો. આર્તધ્યાનથી તો ઊલ્ટું વધુ દુઃખ થશે. સંસારમાં તો પ્રતિકૂળતા હોય જ, માટે ધૈર્યપૂર્વક ધર્મધ્યાનમાં દ્રઢ રહો. તમે તો મુમુક્ષુ છો, ધર્મના જાણનાર છો, જ્ઞાનવાન છો, તો આ પ્રસંગે દીન થવું શોભતું નથી, વીરતાપૂર્વક આત્માને સમ્યક્ત્વાદિની ભાવનામાં દ્રઢપણે જોડો...પૂર્વે અનેક મહાપુરુષો પાંડવો સીતાજી વગેરે થયા તેમને યાદ કરીને આત્માને ધર્મની આરાધનામાં ઉત્સાહિત કરો.–આમ પોતાના તેમજ પરના આત્માને સંબોધન કરીને ધર્મમાં સ્થિર કરે છે, તે સમ્યગ્દ્રષ્ટિનું સ્થિતિકરણઅંગ છે. પ્રતિકૂળતા આવે ત્યાં મુંઝાઈ ન જાય, તેમજ બીજા સાધર્મીને મુંઝાવા ન દે. અરે, મરણ આવે કે ગમે તેટલી પ્રતિકૂળતા આવે પણ હું મારા ધર્મથી ડગું નહીં, મારા આત્માની આરાધનાને છોડું નહીં–એમ ધર્મી નિઃશંકપણે દ્રઢપરિણામથી પોતાના આત્માને ધર્મમાં સ્થિર રાખે છે. કોઈ ભય બતાવે, લાલચ બતાવે, તોપણ ધર્મથી ડગતા નથી. મોક્ષનો સાધક થયો તેના આત્મપરિણામમાં આવી દ્રઢતા હોય છે.

સમ્યગ્દ્રષ્ટિને સમ્યક્ત્વાદિ નિશ્ચયધર્મમાં જેટલી સ્થિરતા છે તેટલો ધર્મ છે, તે વીતરાગભાવ છે; અને બીજા સાધર્મીને ધર્મમાં સ્થિર કરવાનો જે ભાવ છે તે શુભરાગ છે, તે કાંઈ ધર્મ નથી, પણ ધર્મીને ધર્મપ્રેમનો તેવો ભાવ આવે છે. શ્રેણીકરાજાના પુત્ર વારિષેણમુનિએ પોતાના મિત્રનું મુનિપણામાં સ્થિતિકરણ કર્યું હતું–તેની કથા પ્રસિદ્ધ છે, તે 'સમ્યક્ત્વકથા'માં આપ વાંચી શકશો. આ રીતે સ્થિતિકરણ નામના છઠ્ઠા અંગનું વર્ણન કર્યું.

## 卐 ૭. વાત્સલ્ય–અંગનું વર્ણન 卐

જેમ ગાયને પોતાના વાછરડા ઉપર, કોઈ જાતની આશા વગર નિરપેક્ષ પ્રેમ આવે છે તેમ ધર્મીને બીજા સાધર્મીજનો પ્રત્યે સહેજે પ્રેમ આવે છે, તેમને પોતાનાં જ ગણીને તેમના ઉપર વાત્સલ્ય આવે છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રધારક જીવોનો સમૂહ તે ધર્માત્માનો પોતાનો સમૂહ છે,–તેમને જ તે પોતાના સાચા સ્વજન માને છે. તેમની પ્રાપ્તિ થતાં જાણે કોઈ મહાન નિધાન મળ્યું હોય–એવી અત્યંત પ્રીતિ ઊપજે છે; તેમનો આદર, તેમના ગુણની સ્તુતિ, આહાર–પાન, સેવા વગેરેમાં આનંદ માનવો તે વાત્સલ્યઅંગ છે. કપટથી કોઈને દેખાડવા માટે નથી કરતો, કે કોઈ બદલાની આશાથી નથી કરતો, પણ ધર્મની પ્રીતિને લીધે ધર્મીને એવો પ્રેમભાવ સહેજે આવી જાય છે. જે વીતરાગધર્મને હું સાધું છું તે જ ધર્મને આ સાધી રહ્યા છે, તેથી તે મારા સાધર્મી છે; મારા સાધર્મીને કોઈ દુઃખ ન હો, એને ધર્મમાં કાંઈ વિઘ્ન ન હો;–આ પ્રમાણે સાધર્મી પ્રત્યે વાત્સલ્ય હોય છે. આમાં રાગ તો છે, પણ તે રાગની દિશા સંસાર તરફથી પલટીને ધર્મ તરફ વાળી દીધી છે. સંસારમાં સ્ત્રી–પુત્ર–પૈસા વગેરેનો રાગ તે તો પાપબંધનું કારણ છે, ને સાધર્મી પ્રત્યેના ધર્માનુરાગમાં તો ધર્મની ભાવના પોષાય છે. અંતરંગમાં તો ધર્મીને પોતાના શુદ્ધ જ્ઞાન–દર્શન–ચારિત્રસ્વરૂપ આત્મામાં પરમ પ્રીતિ છે; તેને જ તે પોતાનું સ્વરૂપ જાણે છે; એ પરમાર્થ વાત્સલ્ય છે. ને વ્યવહારમાં રત્નત્રયના ધારક બીજા સાધર્મી જીવોને પોતાના સમજીને તેમના પર પરમ પ્રીતિરૂપ વાત્સલ્ય આવે છે. ધર્માત્મા ઉપર દુઃખ આવે તે ધર્મી જોઈ ન શકે, દરેક પ્રકારે તેને સહાય કરીને તેનું દુઃખ મટાડવાનો ઉપાય કરે.

સમ્યગ્દ્રષ્ટિને કોઈપણ જીવપ્રત્યે વેરભાવ નથી, તો પછી ધર્મી પ્રત્યે તો ઈર્ષા શેની હોય? બીજો જીવ પોતાના કરતાં વધી જાય ત્યાં દ્વેષ ન થાય પણ અનુમોદના અને પ્રેમ આવે. સાધર્મીને અંદરોઅંદર પ્રેમ હોય,–કેવો પ્રેમ? કે માતાને પુત્ર ઉપર પ્રેમ હોય તેવો નિર્દોષ પ્રેમ; ગાયને વાછડી ઉપર પ્રેમ હોય તેવો નિસ્પૃહ પ્રેમ, ધર્મીને સાધર્મી પ્રત્યે હોય. અત્યારે એના દુઃખમાં હું મદદ કરીશ, તો ક્યારેક તે બદલો આપશે, ને ખરા વખતે તે મને કામમાં આવશે,–એવી બદલાની આશા ન રાખે, પણ ધર્મના સહજ પ્રેમથી નિસ્પૃહભાવે ધર્મી પ્રત્યે વાત્સલ્ય રાખે. વાછડું કાંઈ મોટું થઈને ગાયની સેવા કરવાનું નથી છતાં ગાયને તેના ઉપર હૈયામાંથી પ્રેમ ઊભરાય છે,–એવું નિસ્પૃહ

–વાત્સલ્ય ધર્મીને બીજા ધર્માત્મા પ્રત્યે હોય છે.

જેમ માતા પોતાના પુત્રનું દુઃખ દેખી શકતી નથી; હરણી પોતાના બચ્ચાના પ્રેમની ખાતર તેની રક્ષા કરવા સિંહની સામે થાય છે. સાચી માતાના પ્રેમની એક વાત આવે છે કે એક બાળક માટે બે સ્ત્રીનો ઝગડો થયો–ન્યાયાધીશે બાળકના બે કટકા કરીને બંનેને એકેક વહેંચી દેવા હુકમ કર્યો. તે સાંભળતાં જ સાચી માતાની રાડ ફાટી ગઈ; પુત્રને બચાવવા તેણે કહ્યું–ભલે આખેઆખો પુત્ર એને આપી દો, મારે એના કટકા નથી કરવા. દ્રષ્ટાંતમાંથી એટલું લેવાનું છે કે સાચી માતા પુત્રનું દુઃખ જોઈ શકતી નથી, તેને કુદરતી વાત્સલ્ય ઊભરાય છે. પ્રદ્યુમ્નકુમાર ૧૬ વર્ષે ઘરે આવ્યો ત્યારે રુક્મિણીમાતાના હૈયામાં વાત્સલ્યની ધારા ઊભરાણી. તેમ ખરા પ્રસંગે સાધર્મીનો પ્રેમ છાનો ન રહે. સમ્યગ્દ્રષ્ટિને સમ્યગ્દ્રષ્ટિ પ્રત્યે અંતરનો પ્રેમ હોય; એને દેખતાં, એની વાત સાંભળતાં પ્રેમ આવે. ધર્મનો પ્રેમ હોય તેને ધર્મી પ્રત્યે પ્રેમ હોય જ; કેમકે ધર્મ અને ધર્મી કાંઈ જુદા નથી. [ **-न धर्मो धार्मिकैः विना।** ]

આ તો સમ્યગ્દર્શન સહિતના આઠઅંગની વાત છે; પરંતુ તે પહેલાં પણ ધર્મના જિજ્ઞાસુને ધર્મ પ્રત્યેનું વાત્સલ્ય, ધર્માત્માનું બહુમાન વગેરે ભાવો હોય છે. મોક્ષનું ખરું કારણ તો અંદરમાં પરદ્રવ્યથી ભિન્ન પોતાના આત્માની રુચિ ને જ્ઞાન કરવું તે છે. સમ્યગ્દર્શન વગરના શુભભાવથી મોક્ષમાર્ગ થતો નથી. સમ્યગ્દર્શન પછી પણ જે રાગ છે તે કાંઈ મોક્ષમાર્ગ નથી, મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવ જ છે. જ્યાં રાગની ભૂમિકા છે ત્યાં આવા વાત્સલ્યાદિ ભાવો જરૂર આવે છે. (આ વાત્સલ્યઅંગના પાલનમાં ૭૦૦ મુનિવરોની રક્ષા કરનાર વિષ્ણુમુનિરાજની કથા પ્રસિદ્ધ છે, તે ‘સમ્યક્ત્વ–કથા’ વગેરેમાં જોઈ લેવી.) આ રીતે સાતમા વાત્સલ્યઅંગનું વર્ણન પૂરું થયું.

## 卐 ૮. પ્રભાવના–અંગનું વર્ણન 卐

જિનમાર્ગ દ્વારા પોતાના જ્ઞાનાનંદસ્વભાવી આત્માને જાણીને તેની ‘પ્ર–ભાવના’ ઉત્કૃષ્ટભાવના તો ધર્મી કરે જ છે, ને વ્યવહારમાં પણ આવા જિનમાર્ગનો મહિમા જગતમાં કેમ પ્રસિદ્ધ થાય ને જગતના જીવો આવો ધર્મ કેમ પામે–એવો પ્રભાવનાનો ભાવ ધર્મીને હોય છે. તે પોતાની સર્વશક્તિથી, જ્ઞાન–વિદ્યા–વૈભવ–તન–મન–ધન–દાન –શીલ–તપ વગેરેથી ધર્મપ્રભાવના કરે છે. કોઈ વિશેષ શાસ્ત્ર દ્વારા, તીર્થદ્વારા, ઉત્તમ જિનાલય દ્વારા તથા અનેક મહોત્સવ દ્વારા પણ પ્રભાવના કરે છે; અત્યારે તો જીવોને સાચું

તત્ત્વજ્ઞાન મળે–તેવી પ્રભાવનાની ખાસ જરૂર છે. કુંદકુંદાચાર્યદેવે સમયસાર વગેરે અધ્યાત્મશાસ્ત્રોની રચનાદ્વારા જિનશાસનની મહાન પ્રભાવના કરી છે, ને લાખો જીવો ઉપર ઉપકાર કર્યો છે. સમંતભદ્રસ્વામી, અકલંકસ્વામી વગેરેએ પણ જૈનધર્મની મહાન પ્રભાવના કરી છે. ધર્મ ઉપર સંકટ આવે ત્યાં ધર્મીજીવ ઝાલ્યો ન રહે, જેમ શૂરવીર યોદ્ધો યુદ્ધમાં છાનો ન રહે, તેમ ધર્માત્મા ધર્મપ્રસંગે છાનો ન રહે; ધર્મનો મહિમા પ્રસિદ્ધ થાય એવા કાર્યોમાં તે ઉત્સાહથી પોતાની મેળે જ વર્તે. દેવ–ગુરુ–શાસ્ત્રના કાર્યોમાં, તીર્થોના કાર્યમાં કે સાધર્મીજનોના કાર્યમાં પોતાની શક્તિઅનુસાર હોંશથી પ્રવર્તે. આવો શુભરાગ હોય છે, છતાં તેની મર્યાદા પણ જાણે છે કે આ રાગ છે તે કાંઈ મને મોક્ષનું સાધન નથી. રાગ વડે મને કે બીજાને લાભ નથી. એટલે તેને રાગની ભાવના નથી પણ વીતરાગમાર્ગની પ્રભાવના અને પુષ્ટિની જ ભાવના છે. અહા, આવો સુંદર વીતરાગમાર્ગ! ને આવા માર્ગને સાધનારા આ મારા સાધર્મી ભાઈ! આમ પોતાના સાધર્મી ભાઈ–બેન પ્રત્યે ઉમળકો આવે છે. તે સાધર્મીનો અપવાદ થવા ન દે. વાહ, જુઓ તો ખરા! અંતર્દ્રષ્ટિપૂર્વક વીતરાગમાર્ગમાં વ્યવહારનો પણ કેટલો વિવેક છે! આવો વ્યવહાર પણ અંદરમાં યથાર્થ માર્ગનું ભાન કરે તેને જ સમજાય તેમ છે. સમ્યક્ત્વના આ આઠે અંગદ્વારા ધર્મીજીવ પોતામાં વીતરાગમાર્ગની પુષ્ટિ કરે છે, તેની અનુમોદના કરે છે, તેનો મહિમા વધારે છે, ને સર્વ પ્રકારે તેની પ્રભાવના કરે છે, પ્રભાવના–અંગ માટે વજ્રમુનિનું ઉદાહરણ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. આ રીતે સમ્યક્ત્વના આઠ અંગ કહ્યા. આવા આઠગુણો સહિત શુદ્ધસમ્યક્ત્વને આરાધવું, અને તેનાથી વિરુધ્ધ જે શંકાદિક આઠદોષો તેનો ત્યાગ કરવો.

સમ્યગ્દ્રષ્ટિને જ માર્ગની સાચી પ્રભાવના હોય છે. જેણે ધર્મનું સાચું સ્વરૂપ જાણ્યું હોય તે જ તેની પ્રભાવના કરી શકે; ધર્મને જે ઓળખતો જ નથી તે પ્રભાવના શેની કરશે? અહો, જિનમાર્ગ કોઈ અદ્ભુત અલૌકિક છે; ઇન્દ્રો, ચક્રવર્તી ને ગણધરો પણ જેને આદરે છે–એ વીતરાગમાર્ગની શી વાત! આવો માર્ગ, અને તેને આદરનારા સાધર્મીઓનો યોગ મળવો બહુ દુર્લભ છે. આવા માર્ગને પામીને પોતાનું હિત કરી લેવા જેવું છે. જેટલો રાગભાવ છે તેને ધર્મી પોતાના સ્વાત્મકાર્યથી ભિન્ન જાણે છે, ને નિશ્ચય સમ્યક્ત્વાદિ વીતરાગભાવને જ સ્વધર્મ જાણીને આદરે છે. ધર્મનું આવું સ્વરૂપ સમજીને તેની પ્રભાવના કરે છે. જેઓ એકલા વ્યવહારના શુભવિકલ્પોને જ ધર્મ માની લ્યે છે, ને રાગ વગરના નિશ્ચયધર્મને સમજતા નથી તેઓને તો પોતામાં

પણ જરાય ધર્મ નથી, એટલે સાચી ધર્મપ્રભાવના પણ તેમને હોતી નથી. પોતામાં ધર્મ હોય તો તેની પ્રભાવના કરે ને? અહીં તો અંતરમાં પોતાના શુદ્ધાત્માનો અનુભવ કરીને નિશ્ચયધર્મ સહિતના વ્યવહારની વાત છે. અહા, વીતરાગના સત્ય માર્ગને ભૂલીને અજ્ઞાનથી કુમાર્ગના સેવનવડે જીવો પોતાનું અહિત કરી રહ્યા છે, તેઓ જ્ઞાનવડે સાચો માર્ગ પામે અને પોતાનું હિત કરે–એવી ભાવનાથી ધર્મીજીવ જ્ઞાનના પ્રચારવડે સત્યધર્મની પ્રભાવના કરે છે; સત્યમાર્ગ પોતે જાણ્યો છે તેની પ્રભાવના કરે છે. ધર્મીને આવા આઠઅંગરૂપ વ્યવહાર હોય છે, છતાં તે વ્યવહારના અવલંબને કાંઈ શુદ્ધિની વૃદ્ધિ કે મોક્ષનો માર્ગ નથી, મોક્ષનો માર્ગ તો અંતરમાં જે શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વર્તે છે તે જ છે; તે જ મુખ્ય છે, ને બીજાને મોક્ષમાર્ગ કહેવો તે તો ઉપચાર છે.–આ રીતે નિશ્ચય–વ્યવહાર બંને એકસાથે છે, આગળ –પાછળ નથી.

આત્મા પરદ્રવ્યોથી ભિન્ન, શાંત–વીતરાગ–ચિદાનંદસ્વભાવરૂપ છે, તેને ઓળખીને તેમાં ‘આ જ હું છું’ એવો ભાવ તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. શરીર–મન –વાણી ને રાગ–દ્વેષથી પાર થઈને, ભેદવિકલ્પોથી પણ પાર થઈને, અંતરમાં પોતાના શુદ્ધ એકત્વસ્વરૂપમાં સ્વસન્મુખદ્રષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે, તે મોક્ષમહેલનું પહેલું પગથિયું છે, ત્યાંથી જ મોક્ષમાર્ગરૂપ ધર્મની શરૂઆત થાય છે. જન્મ–મરણના નાશના ઉપાયમાં પહેલું જ સમ્યગ્દર્શન છે; એના વગરનું બધુંય જાણપણું ને બધી ક્રિયાઓ નિરર્થક છે. કોઈ પુણ્યથી–શુભરાગથી આવું સમ્યગ્દર્શન થતું નથી; અંતરમાં શુદ્ધતત્ત્વ છે તેને જ્ઞાનમાં–અનુભવમાં લઈને નિઃશંક શ્રદ્ધા કરતાં સમ્યગ્દર્શન થાય છે. આવા નિશ્ચય સમ્યગ્દર્શનની સાથે સાચા દેવ–ગુરુ–ધર્મની ઓળખાણ, નવતત્ત્વની ઓળખાણ, તથા નિઃશંકતાદિ આઠગુણ–વગેરે વ્યવહાર કેવો હોય છે તે બતાવ્યું. આ જાણીને મુમુક્ષુ જીવોએ આઠઅંગ સહિત શુદ્ધસમ્યક્ત્વને ધારણ કરવું, ને શંકાદિક દોષોને છોડવા.

* * * * *

## જીવને ટૂંકી શિખામણ

તારા દોષ ઢાંકવા બીજા પર દોષ ઢોળીશ મા.

તારો આત્મા સાધવા બીજાની મદદ માગીશ મા.

તારી સગવડ ખાતર બીજાના પ્રાણ દુભાવીશ મા.

# જિજ્ઞાસા થાય છે કે જીવ કેવો છે?

## આચાર્ય મહારાજ સાત બોલ દ્વારા જીવનું અલૌકિક સ્વરૂપ સમજાવીને સુંદર સ્વસમયપણું કેમ થાય–તે બતાવે છે.

[ સમયસારની બીજી ગાથાના પ્રવચનમાંથીઃ વીર સં. ૨૪૯૮, માગશર સુદ ૧ થી ૪ ]

* * * * *

મંગલાચરણરૂપે સિદ્ધભગવંતોને આત્મામાં સ્થાપીને, એટલે કે સિદ્ધ જેવું સાધ્ય-રૂપ જે શુદ્ધઆત્મસ્વરૂપ તેના તરફ જ્ઞાનને એકાગ્ર કરીને, સમયસારમાં સૌથી પહેલાં આચાર્યદેવ 'સમય' એટલે જીવ નામની વસ્તુ, તેનું સ્વરૂપ ઓળખાવે છે.

'સમય' તેને કહેવાય કે જે એકસાથે જાણવાની અને પરિણમવાની એવી બંને ક્રિયારૂપ હોય. જીવ–વસ્તુ જાણે છે અને પરિણમે છે–તેથી તે સમય છે. જીવો અનંતા છે; તે બધાય જીવોમાં જાણવાની અને પરિણમવાની બંને ક્રિયા એક સાથે સદાય હોય છે. હવે તે ક્રિયા ધર્મીને કેવી હોય છે ને અજ્ઞાનીને કેવી હોય છે–તે બંને પ્રકાર પણ આ બીજી ગાથામાં ઓળખાવ્યા છે. ટીકામાં પ્રથમ સાત બોલથી જીવનું અલૌકિક સ્વરૂપ બતાવીને, પછી તેની અવસ્થાના બે પ્રકાર (સ્વસમયપણું ને પરસમયપણું) કયા પ્રકારે છે તે સમજાવ્યું છે.

### 卐 ધર્મીનો આત્મા પોતાની નિર્મળ જ્ઞાનપર્યાયમાં સ્થિત છે 卐

પરથી ભિન્ન આત્માની સ્વાનુભૂતિવડે જે આત્મા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમ્યો છે, તે દર્શન–જ્ઞાન–ચારિત્રપર્યાયમાં સ્થિત આત્મા સ્વસમય છે. આત્મા પોતે પરિણમીને પોતાની પર્યાયમાં આવ્યો છે તેથી તે દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત છે. આવી પર્યાયરૂપે પરિણમેલો આત્મા તે સ્વસમય છે; તે ધર્માત્મા છે.

**સ્વસન્મુખ વળેલી નિર્મળપર્યાયપણે જે પરિણમ્યો તે આત્મા સ્વસમય છે.**

**પર સાથે એકત્વબુદ્ધિથી મિથ્યાત્વભાવરૂપે જે પરિણમ્યો તે પરસમય છે.**

પહેલાં અજ્ઞાનદશામાં આત્મા મિથ્યાત્વાદિ પરભાવોરૂપે પરિણમીને તેમાં સ્થિત હતો તે પરસમય હતો; તેને પુદ્ગલકર્મમાં જ સ્થિત કહ્યો. હવે પરથી ભિન્ન સ્વને જાણીને સ્વભાવમાં એકત્વપણે પરિણમીને તે જીવ પોતે સ્વસમય થયો છે.

આત્મા પોતાની પર્યાયમાં એકત્વપણે પરિણમે છે, ને તેમાં તે સ્થિત વર્તે છે. ધર્મીનો આત્મા ક્યાં છે? પરમાં નથી, રાગાદિમાં નથી, પોતે સમ્યક્ત્વાદિ જે નિર્મળ પર્યાયરૂપે પરિણમ્યો છે તેમાં જ તે સ્થિત છે.–આવો સ્વસમયરૂપ જીવ તે સાચો જીવ છે. જ્ઞાનદર્શનચારિત્રરૂપ આત્માનો જે સત્સ્વભાવ હતો તે સ્વભાવમાં એકત્વપણે આત્મા પોતાના સ્વભાવના સમ્યક્ભાવરૂપે પરિણમ્યો, એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રપર્યાય પ્રગટી, તે પર્યાયમાં સ્થિત આત્મા સ્વસમય છે; તે સુંદર સુશોભિત છે.

પરભાવોને અનુભૂતિથી ભિન્ન કહ્યા, પણ અનુભૂતિ સાથે આત્માને અભિન્ન –એક કહ્યો. આત્મા અને તેની અનુભૂતિને અભેદ કરીને તેને જ શુદ્ધનય કહ્યો, તેને જ જિનશાસન કહ્યું, આ રીતે આત્મા પોતાના જે શુદ્ધભાવરૂપ પરિણમ્યો તે–રૂપે જ તે છે, એટલે તેમાં જ તે સ્થિત છે; તેને સ્વસમય કહીએ છીએ.

'જીવ' એટલે કે ભગવાન આત્મા જ્ઞાન–દર્શન–આનંદ એવા અનંત સ્વભાવરૂપ એક વસ્તુ છે; તે જ્યારે પોતામાં એકત્વપણે જ્ઞાન–દર્શન–આનંદસ્વરૂપે પરિણમ્યો ત્યારે તે રાગાદિ પરભાવમાં સ્થિત ન રહ્યો, પોતાના સ્વરૂપમાં જ તન્મય સ્થિર રહ્યો, તેથી તે સ્વસમય છે. આવા સ્વસમયપણે આત્મા શોભે છે, તે જ એકત્વમાં શોભતો થકો સુંદર છે. આવા આત્માથી ભિન્ન બધા પરભાવોને પુદ્ગલકર્મ સાથે તન્મય ગણીને, મિથ્યાત્વાદિ અજ્ઞાનભાવમાં સ્થિત જીવને 'પુદ્ગલકર્મના પ્રદેશમાં સ્થિત' કહીને 'પરસમય' કહ્યો છે. આવા સ્વસમયને તથા પરસમયને બંનેને જાણીને, પોતે પોતાના આત્મસ્વભાવમાં એકત્વપણે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમવું તે તાત્પર્ય છે.

* અહીં એકત્વપણે પરિણમવું ને જાણવું તેનું નામ 'સમય' છે.
* જે સ્વમાં એકત્વપણે પરિણમે ને સ્વને એકત્વપણે જાણે તે સ્વસમય છે.
* જે પરમાં એકત્વ માનીને રાગાદિરૂપે પરિણમે ને પરને એકત્વપણે જાણે તે પરસમય છે.
* પરસમયપણું દુઃખદાયક છે, તે છોડવા માટે, અને સુખદાયક એવું સ્વસમયપણું પ્રગટ કરવા માટે, પરથી અત્યંત જુદો આત્મા કેવો છે તેનું સ્વરૂપ બરાબર જાણવું જોઈએ.

**સમય એટલે જીવ... તે જીવ કેવો છે તેનું સાત બોલથી વર્ણન કરે છે.**

## 卐 ( ૧ ) જીવ ઉત્પાદ–વ્યય–ધ્રુવની એકતારૂપ સત્તાસહિત છે. 卐

જીવ સદાય પોતાના પરિણામસ્વભાવમાં રહેલો છે; તેથી તે ઉત્પાદ–વ્યય–ધ્રુવની એકતારૂપ સત્તાસહિત છે. જીવનું અસ્તિત્વ જ ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ છે, એટલે નિત્યપણે ટકીને પોતાના પરિણામસ્વરૂપમાં તે વર્તે છે. પરિણામથી જુદો નથી વર્તતો, પોતાના પરિણામમાં જ સદાય વર્તે છે. આવા સ્વરૂપે જીવનું સત્પણું છે. આ રીતે સૌથી પહેલાં જ જીવનું સત્પણું નક્કી કર્યું.

'સત્'માં દ્રવ્ય–પર્યાય બંને સમાઈ જાય છે. પરિણમન સહિત કાયમ ટકનાર સત્ આત્મા છે. આવું સત્ પોતાથી જ છે, કોઈ બીજા સાથે તેને સંબંધ નથી.... –આવા જીવતત્ત્વને જે જાણે છે તે પોતામાં એકત્વપણે જ્ઞાન અને પરિણમન કરીને સ્વસમયરૂપ થાય છે. અહીં સર્વજ્ઞદેવે સાક્ષાત્ જોયેલા જીવતત્ત્વનું સ્વરૂપ સાત બોલથી સમજાવે છે. એકાંત ધ્રુવ, કે એકાંત ક્ષણિક એવું કોઈ સત્ તત્ત્વ નથી. સત્ તેને જ કહેવાય કે જે સદાય પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વભાવમાં રહેલું હોય. ઉત્પાદ–વ્યય ને ધ્રુવ એવા ત્રણ ભાવવાળુ જીવનું અસ્તિત્વ છે; તેમાંથી એક્કેય ભાવને કાઢી નાંખતાં અસ્તિત્વ જ નથી રહેતું. ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વભાવરૂપે મારું અસ્તિત્વ છે, ને મારા સ્વરૂપમાં કાયમ રહીને હું જ મારા પરિણામસ્વભાવમાં રહેલો છું–એમ ધર્મી જાણે છે. કાયમ ટકવું ને પર્યાયરૂપ પરિણમવું–એ બંને મારો સ્વભાવ જ છે; તે કોઈ બીજાને લીધે નથી. આમ સૌથી પહેલાં જીવનું સ્વાધીન ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ અસ્તિત્વ નક્કી કર્યું. હવે તે અસ્તિત્વ કેવા પ્રકારે છે તે બતાવે છે. કેમકે અસ્તિત્વ તો જીવ સિવાયના બીજા અજીવ પદાર્થોમાં પણ છે, તેથી જીવના અસ્તિત્વમાં શું વિશેષતા છે તે બતાવીને જીવને બીજા પદાર્થોથી જુદો ઓળખાવ્યો છે.

## 卐 ( ૨ ) જીવ ચૈતન્યસ્વરૂપ છે. 卐

જીવ વસ્તુ સત્ છે, તે સત્પણું કેવું છે? કે ચૈતન્યસ્વરૂપ છે. સદાય ચૈતન્યપણે પ્રકાશમાન આત્મા દર્શન–જ્ઞાનસ્વરૂપ છે. દર્શન અને જ્ઞાનની જ્યોતવડે જે સ્વયં પ્રકાશમાન છે તે જીવ છે. આવી જ્ઞાનજ્યોતમાં રાગ ન આવે, કર્મ ન આવે, શરીર ન આવે. જ્ઞાનદર્શનમય ચૈતન્યપ્રકાશપણે મારું અસ્તિત્વ છે–એમ ધર્મી અનુભવે છે. એકલા

ઉત્પાદ–વ્યય–ધ્રુવ તો જડમાં પણ છે, પણ જીવના ઉત્પાદ–વ્યય–ધ્રુવ તો ચૈતન્ય–ભાવરૂપ છે; આત્મા સદાય ચૈતન્યપણે પ્રકાશમાન છે.

અહા, ચેતનસ્વભાવપણે જે પ્રકાશે તેને જ જીવ કહ્યો. રાગરૂપે વર્તે તે જીવ–એમ ન કહ્યું. રાગ વગર પણ જ્ઞાનપણે જીવ પ્રકાશે છે. જ્ઞાન તે કાંઈ ઉપાધિ નથી, જીવનું સ્વરૂપ જ છે. વિકલ્પ અને રાગ હોય તે કાંઈ જીવનું સ્વરૂપ નથી. ચૈતન્યપણું તે રાગને લીધે નથી. રાગથી જુદું ચૈતન્યપણું છે, રાગના અભાવમાં પણ તે પ્રકાશે છે. આ રીતે ચૈતન્યસત્તારૂપ જીવ છે.

## ૩. અનંત ધર્મમાં વિસ્તરેલ એક ધર્મી–એવું જીવદ્રવ્ય છે.

આત્મા સત્ છે, ને ચૈતન્યસ્વરૂપ છે; તો શું તેનામાં એક જ ધર્મ છે?–ના; ચૈતન્યભાવમાં અનંત ધર્મો સમાય છે; જીવ પોતાના ચૈતન્યસહિત અનંતધર્મોમાં વ્યાપીને વિસ્તરેલું એક દ્રવ્ય છે. ગુણો ને પર્યાયો અનંત છે, તે અનંત ધર્મોમાં એકપણે આત્મા રહ્યો છે એટલે ધર્મીદ્રવ્ય એક છે, પોતાના અનંતધર્મોમાં એકસાથે રહેવા છતાં એકદ્રવ્યપણે જ તે રહ્યો છે. અનંતધર્મોમાં રહેવાથી આત્મા કાંઈ ખંડખંડરૂપ થઈ ગયો નથી, એકદ્રવ્યપણે જ તે પ્રગટ છે. પોતે એક, છતાં અનંત ધર્મોમાં એક સાથે રહેવાની જેની અચિંત્ય તાકાત છે,–એવો આત્મા છે. નિત્યપણું તેનો ધર્મ છે ને પરિણમન પણ તેનો ધર્મ છે,–એમ અનંતધર્મસ્વરૂપ એક વસ્તુ છે. અહા, પોતાના અનંતધર્મને એકપણે લક્ષમાં લ્યે ત્યાં આત્મા રાગથી છૂટો પડી જાય છે ને ગુણભેદના વિકલ્પોથી પણ પાર થઈને અભેદ આત્મા અનુભવમાં આવે છે. 'મારામાં અનંત ધર્મો છે' એવો સ્વીકાર સ્વસન્મુખ જ્ઞાનવડે જ થાય છે. અનંત ધર્મોને એકસાથે (ગુણ–ભેદના વિકલ્પ વગર) લક્ષમાં–પ્રતીતમાં લઈ લ્યે તે જ્ઞાનની તાકાત કેટલી? રાગમાં અટકેલું જ્ઞાન અનંત ધર્મનો સાચો સ્વીકાર કરી શકે નહીં. રાગ જેટલો હું છું–એવી બુદ્ધિમાં અટકેલું જ્ઞાન રાગવગરના અનંત ગુણોને ક્યાંથી સ્વીકારી શકશે? અનંતા જીવ, એકેક જીવમાં પોતાના અનંત ગુણો સ્વાધીન, તે વાત જૈનશાસનમાં જ છે, ને તેનો સ્વીકાર કરનાર જીવને અપૂર્વ ભેદજ્ઞાન થાય છે.

અરે જીવ! તું કેવો છો? તારું સ્વરૂપ કેવું છે? તેનું આ વર્ણન વીતરાગી સંતો તને સંભળાવે છે; અંદરમાં વારંવાર તેનો પ્રેમ–ઉત્સાહ કરીને તારા સ્વરૂપને તું ઓળખ.

## ૪. ક્રમરૂપ વર્તતા પર્યાયો, અક્રમે રહેતા ગુણો–તે જીવનો સ્વભાવ છે.

અનંત ગુણ–પર્યાયો તે જીવનો સ્વભાવ જ છે; તેમાં ગુણો એકસાથે રહેનારા અક્રમ છે; ને પર્યાયો ઉત્પાદ–વ્યયપણે વર્તતી થકી ક્રમવર્તી છે. ત્રીજા બોલમાં દ્રવ્યપણું કહીને અનંતધર્મ તેમાં સમાડયા; અહીં ગુણ–પર્યાયપણું કહે છે. ગુણો અને પર્યાયો તે બંને, આત્માનો સ્વભાવ જ છે. ક્રમે થતી પર્યાયો તે પણ આત્માનો સ્વભાવ જ છે; પોતાના સ્વભાવથી જ તે ક્રમવર્તી પર્યાયરૂપે પરિણમે છે, ને અનંત ગુણરૂપે કાયમ રહે છે. એક વસ્તુમાં દ્રવ્ય–ગુણ–પર્યાય એવા ભેદનો વિચાર આત્માનું સ્વરૂપ નક્કી કરવા માટે હોય છે, પણ આત્માની સાક્ષાત્ અનુભૂતિમાં દ્રવ્ય–ગુણ–પર્યાય એ ત્રણનો ભેદ નથી, એટલે વિકલ્પ નથી; ત્યાં તો પોતાની આનંદમય ચૈતન્યપરિણતિરૂપ પરિણમીને તેમાં આત્મા અભેદપણે ઠર્યો છે. તે સ્વસમય છે.

આત્મા પરિણમે તો છે જ સદાય, પણ જ્યારે તે પોતે પોતાને એકત્વપણે જાણીને પરિણમે ત્યારે તે સમ્યક્ત્વાદિ પોતાના શુદ્ધ ભાવરૂપ પરિણમીને તેમાં સ્થિત થાય છે, અને તેને સ્વસમય કહેવામાં આવે છે. આવું સ્વસમયપણું તે સુંદર છે, તેમાં એકત્વપણે આત્મા શોભે છે. આત્મામાં પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયોની, સામાન્ય–વિશેષ ભાવોની અચિંત્ય ગંભીરતા ભરી છે. તેની ઓળખાણ કરવાની આ વાત છે.

## 卐 ૫. સ્વ–પરને પ્રકાશે એવા એકરૂપ ચૈતન્યપ્રકાશવાળો જીવ છે. 卐

આત્મા સ્વને, પરને, જડને, ચેતનને બધા પદાર્થોને પોતાની ચૈતન્યશક્તિથી પ્રકાશે છે; બધાયને જાણવા છતાં પોતે તો એક ચૈતન્યપ્રકાશપણે જ રહે છે. પરને–જડને જાણતાં તે જડરૂપ થઈ જતો નથી, રાગને જાણતાં રાગરૂપ થઈ જાય એવો નથી, પણ જડને કે રાગને જાણવા છતાં ચૈતન્યભાવ પોતે તો એક ચૈતન્યભાવરૂપ જ રહે છે. અનેક પદાર્થોને જાણવા છતાં ચેતના પોતાના એકત્વને છોડતી નથી. આવા સ્વ–પરપ્રકાશક ચૈતન્યસામર્થ્યવાળો પદાર્થ તે જીવ છે.

ચેતના પરથી જુદી છે, છતાં જુદી રહીને પણ તે પરને જાણી લ્યે છે એવી તેની તાકાત છે; તેમજ તે ચેતના પોતે પોતાને પણ પોતામાં તન્મય થઈને જાણે છે. સ્વ–પર ઘણા પદાર્થોને જાણે છતાં પોતે ચેતનાસ્વરૂપમાં જ તન્મય રહેતો હોવાથી આત્મા એકરૂપ જ છે, અનેકને જાણતાં પોતે અનેકરૂપ થઈ જતો નથી. સર્વને જાણે એવા

સામર્થ્યને લીધે સર્વજ્ઞ કહ્યા, તે સર્વજ્ઞપણું આત્મા છે, આત્મા પોતે નિશ્ચયથી તેવી સર્વજ્ઞપર્યાયરૂપે થયો છે; તે પણ જીવનો સ્વભાવ છે. અનંત સ્વભાવોથી ગંભીર એવું જીવદ્રવ્ય છે. હું જ એવી તાકાતવાળો છું કે જેનું જ્ઞાન સ્વ-પરને જાણવારૂપ પરિણમે છે, અને છતાં પોતાના એકત્વને છોડતો નથી. આવો વિશ્વપ્રકાશી અજોડ ચૈતન્યદીવડો જીવ છે. પર્યાયને-રાગને-જડને જાણવું તે કાંઈ દોષ નથી, તેને જાણતાં કાંઈ ચૈતન્યપર્યાય મેલી થઈ જતી નથી. સર્વને જાણવું એ તો ચૈતન્યની નિર્મળતાનું સામર્થ્ય છે, સહજ સ્વરૂપ છે.-આવા તારા જીવને તું જાણ!

## 卐 ૬. અન્ય દ્રવ્યોથી અસાધારણ એવા ચૈતન્યસ્વભાવરૂપ જીવ છે. 卐

જગતમાં જીવ સિવાયના બીજા અજીવ પદાર્થો પણ છે-કે જેઓ ચેતના વગરનાં છે; તે બધા પદાર્થોથી જીવનું અત્યંત ભિન્નપણું જીવના ચેતનાલક્ષણવડે નક્કી થાય છે. ચૈતન્ય તે જીવનો અસાધારણ સ્વભાવ છે. બીજા પાંચદ્રવ્યોનાં જે અસાધારણ-વિશેષ-ગુણો તે જીવમાં નથી, ને જીવનો અસાધારણ ચેતનાગુણ કોઈ બીજામાં નથી; આ રીતે જીવ બીજા પાંચે પ્રકારનાં અજીવદ્રવ્યોથી અત્યંત જુદો છે. પરથી તેને અત્યંત ભિન્નપણું, ને પોતાના જ્ઞાનસ્વભાવ સાથે એકપણું છે. આવા સ્વભાવથી એકત્વ-વિભક્તપણે તે શોભે છે. આવા અસાધારણ ચૈતન્યસ્વરૂપ જીવને ઓળખતાં રાગથી પણ ભિન્ન પરિણમન થાય છે.

જીવ સિવાયનાં દ્રવ્યો જગતમાં છે ખરા, જીવ તેને જાણે છે પણ ખરો, પણ તે અન્ય દ્રવ્યો જીવના અસ્તિત્વમાં નથી. જીવ પોતાના જ્ઞાનાદિ સ્વધર્મોના અસ્તિત્વમાં જ છે. આવા પોતાના ભિન્ન અસ્તિત્વને ઓળખીને ભેદજ્ઞાન કરનાર જીવ સ્વદ્રવ્યની સન્મુખ સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયરૂપ પરિણમે છે.

## 卐 ૭. જીવ ચૈતન્યસ્વભાવે ટંકોત્કીર્ણ છે. 卐

આ એક આત્મા ઉપરાંત બીજા અનંતા જીવ તેમ જ અનંતા અજીવ પદાર્થો આ જગતમાં રહેલાં છે; એવા અનંતા જીવ-અજીવ પદાર્થોની સાથે એકક્ષેત્રે રહેલો હોવા છતાં જીવ પોતાના ચૈતન્યસ્વરૂપથી કદી છૂટતો નથી, પોતે ચૈતન્યપણે જ રહે છે, ચૈતન્ય મટીને જડ કદી થતો નથી; માટે જીવ સદા પોતાના ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વરૂપમાં રહેલો છે.

પોતાનું આવું સ્વરૂપ ભૂલીને, અનાદિકાળથી ચારગતિના ભયંકર દુઃખોમાં ભ્રમણ કર્યું, છતાં ચૈતન્યસ્વભાવ એવો ને એવો રહ્યો છે, જીવના જ્ઞાન–આનંદસ્વભાવનો એક્કેય અંશ ઓછો થયો નથી, ટંકોત્કીર્ણ એવો ને એવો બિરાજી રહ્યો છે. એકક્ષેત્રે રહેવા છતાં તે પર સાથે ભેળસેળ થયો નથી, તેમજ પર્યાયમાં વિકૃતિ છતાં મૂળ સ્વભાવનો નાશ થયો નથી, સ્વભાવ અન્યથા થયો નથી. અહા, જીવનો સ્વભાવ તો જુઓ! આવા પોતાના જીવસ્વભાવને ઓળખવો તે જ ખરું કરવા જેવું છે. બાકી સંસારમાં તો બીજું બધુંય અસાર છે.

આ રીતે, જે ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ સત્ છે, જે ચૈતન્યજ્યોત છે, જે પોતાના અનંતધર્મોમાં રહેલો છે, જે ગુણ–પર્યાયવંત છે, જે સ્વ–પરપ્રકાશક છે, જે અન્ય દ્રવ્યોથી ભિન્ન અસાધારણ ચેતનાગુણરૂપ છે, અને જે સદા પોતાના સ્વરૂપમાં ટંકોત્કીર્ણ રહેલ છે, –આવા વિશેષણોવાળો જે જીવપદાર્થ છે તેને જ **'समय'** કહેવાય છે, કેમકે તે એકત્વપણે જાણવું અને પરિણમવું એવી બંને ક્રિયા એક સાથે કરે છે.

* * * * *

[ પૃ. ૧૨માં સૂચવેલ લેખનો બીજો ભાગ પૃ. ૨૫ ને બદલે ૨૮ માં વાંચશોજી ]

## 卐 સ્વસમય અને પરસમય : તેમાં સ્વસમયની સુંદરતા 卐

જીવ એટલે કે 'સમય' નામનો પદાર્થ કેવો છે તે સાત બોલથી બતાવ્યું. દરેક જીવમાં જાણવાની અને પરિણમવાની બંને ક્રિયા એક સાથે થાય છે, પણ તેમાં બે પ્રકાર છે : જ્ઞાની પોતામાં ચૈતન્યસ્વરૂપ આત્માને જ સ્વપણે જાણે છે અને સ્વમાં જ એકત્વબુદ્ધિથી સમ્યગ્દર્શનાદિરૂપ પરિણમીને તેમાં સ્થિર થાય છે તેથી તે સ્વસમય છે; અને અજ્ઞાની સ્વને ભૂલીને, પરને એકત્વપણે જાણે છે તથા મોહાદિ પરભાવોમાં એકત્વપણે પરિણમીને તેમાં સ્થિર થાય છે તેથી તે પરસમય છે; આ રીતે જીવ નામના સમયને સ્વસમય અને પરસમય એવા બે પ્રકાર હોય છે. તે ઓળખીને સ્વસમયપણું પ્રગટ કરવું ને પરસમયપણું છોડવું; કેમકે સ્વસમયરૂપ એકત્વપણે જ આત્મા શોભે છે, તેમાં જ આત્માની સુંદરતા છે, પરસમયપણું તે આત્માને શોભતું નથી, તેમાં તો વિસંવાદ છે, બંધન છે.

જીવને સ્વસમયપણું ક્યારે થાય? કે જ્યારે જીવનું સ્વરૂપ ઓળખીને સ્વ–પરનું ભેદજ્ઞાન કરે ત્યારે જીવ પરથી ભિન્ન પોતાના દર્શનજ્ઞાનસ્વભાવમાં નિશ્ચલપરિણતિરૂપે

પરિણમતો થકો તેમાં એકત્વપણે સ્થિત થાય છે ત્યારે તે સ્વસમય છે. અહો, આ ભેદજ્ઞાનજ્યોતિ તો ત્રિલોકપ્રકાશક કેવળજ્ઞાનદીવડાને પ્રગટ કરનારી છે. અહો, જે કેવળજ્ઞાનને આપે એવા ભેદજ્ઞાનની તાકાતની શી વાત? એકકોર પોતાનો જ્ઞાનદર્શનમય સ્વભાવ, ને બીજી કોર બધાય પર દ્રવ્યો (-દેવ-ગુરુ-શાસ્ત્રો-તીર્થો -વિકલ્પો વગેરે બધુંય), એમ અત્યંત જુદાપણું જાણે ત્યારે પરદ્રવ્યમાં એકાકારતા છોડીને સ્વદ્રવ્યમાં એકતા કરે, એટલે તેને સ્વસમયપણું થાય. પોતાના ચૈતન્યસ્વભાવથી અધિક જગતના બીજા કોઈ પદાર્થનો કે કોઈ રાગાદિ પરભાવનો મહિમા આવે, તો તે જીવ તે પરપદાર્થથી છૂટીને સ્વતત્ત્વમાં વળી શકશે નહીં; તેને સાચું ભેદજ્ઞાન નહીં થાય. અહીં તો ભેદજ્ઞાન કરીને સ્વસમય થઈને કેવળજ્ઞાન તરફ જવા માંડયો છે તેની વાત છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે આત્માનું સ્વ છે તેમાં સ્થિત તે સ્વસમય છે; ક્યાંય પણ પરમાં જેને સુખબુદ્ધિ હોય તે જીવ પરથી ભિન્ન થઈને સ્વમાં સ્થિત થઈ શકે નહિ. સ્વ અને પરની ભિન્નતાને જ જે ન જાણે તે તો અજ્ઞાનભાવરૂપ પરિણમે છે, તેને સમ્યક્ત્વાદિમાં વર્તવારૂપ સ્વસમયપણું નથી હોતું. એને તો કર્મપુદ્‌ગલના પ્રદેશમાં સ્થિત કહ્યો છે. ચેતનામાં જે સ્થિત નથી તે કર્મમાં જ સ્થિત છે. બે ભાગ પાડીને વાત કરી છે. જે પોતાના જ્ઞાનસ્વભાવમાં સ્થિત છે તેને કર્મ તરફના કોઈ પણ ભાવમાં એકતાબુદ્ધિ રહેતી નથી; અને જેને પરતરફના કોઈ પણ ભાવમાં એકતાબુદ્ધિ છે તે જીવ પોતાના જ્ઞાનસ્વભાવમાં એકત્વ કરી શકતો નથી.

અરે જીવ! તું તારા તત્ત્વને જાણીને, પરથી ભિન્નતા કર ને સ્વમાં એકતા કર. આવું અપૂર્વ ભેદજ્ઞાન તને અલ્પકાળમાં કેવળજ્ઞાન અને સિદ્ધસુખ આપશે. સિદ્ધભગ-વાનને જેણે આત્મામાં સ્થાપ્યા તેને સ્વ-પરનું આવું ભેદજ્ઞાન થાય જ. સિદ્ધમાં કર્મનો કે રાગનો જરાય સંબંધ નથી તેમ આ આત્માનો સ્વભાવ પણ કર્મ અને રાગ વગરનો છે; આવા પોતાના આત્માને જાણીને પોતે પોતામાં એકત્વપણે પરિણમતાં સમ્યગ્દર્શન -જ્ઞાન-ચારિત્રરૂપે આત્મા સ્વયં પરિણમી જાય છે;જે-રૂપે પરિણમ્યો તેમાં તે સ્થિત થયો; સમ્યક્ત્વાદિ સ્વભાવરૂપે પરિણમીને તેમાં સ્થિત થયો તે સ્વસમય થયો. તે આત્મા પોતે પોતાના સ્વભાવને જ સ્વપણે જાણે છે ને તેમાં જ એકત્વપણે પરિણમે છે. આવી દશા ભેદજ્ઞાનવડે જ થાય છે. માટે જીવનું યથાર્થ સ્વરૂપ ઓળખીને પરથી ભિન્નપણું ઓળખવું જોઈએ. આવું ભેદજ્ઞાન તે કેવળજ્ઞાનવિદ્યાને ઉત્પન્ન કરે છે.

જગતના બધા પદાર્થો પોતે પોતાના ગુણ-પર્યાયમાં જ રહેલાં છે. જીવ વસ્તુ પણ પોતાની પર્યાયમાં રહે છે. જે પોતાની નિર્મળપર્યાયમાં વર્તે છે તે સ્વસમય છે; જે

સ્વ–પરને એક માનતો થકો અજ્ઞાનપર્યાયમાં વર્તે છે તે પરસમય છે. ચોથાગુણસ્થાને સમ્યક્ત્વાદિ જેટલી શુદ્ધઅનુભૂતિ વર્તે છે તેમાં સ્થિત આત્મા સ્વસમય છે. અહા, આત્મા અનુભૂતિમાં આવ્યો તેમાં તો અનંતા ગુણ સમાઈ જાય છે. સ્વસન્મુખ અનુભૂતિમાં આખો આત્મા સમાઈ જાય છે. સ્વ–પરનું ભેદજ્ઞાન કરીને, શુદ્ધપરિણતિ સાથે એકત્વરૂપે પરિણમેલો આત્મા તે સ્વસમય છે. જેવો જ્ઞાનસ્વભાવ છે તેવું પરિણમન થયું તેમાં તો આત્મા શોભે છે, તે તો આત્માનું સ્વરૂપ છે. પણ જ્ઞાનસ્વભાવથી વિરુધ્ધ એવા મોહાદિ પરભાવરૂપે પરિણમવું તે પરસમયપણું છે, તેમાં આત્માની શોભા નથી.

એકત્વપણામાં આત્માની શોભા છે, પણ સંસારના જીવોને તે એકત્વની અનુભૂતિ દુર્લભ છે; દુર્લભ હોવા છતાં જ્ઞાનીની યથાર્થ ઉપાસનાવડે તેની પ્રાપ્તિ થઈ શકે છે; અને આ સમયસારમાં આચાર્યદેવે આત્માના અદ્ભુત વૈભવથી તે એકત્વસ્વરૂપ દેખાડીને તેનો સ્વાનુભવ કરાવ્યો છે. શુદ્ધઆત્માની સ્વાનુભૂતિ મહા આનંદમય છે ને તે જ આ સમયસારના અભ્યાસનું ફળ છે.

ભૂતાર્થસ્વભાવ ત્રિકાળ છે, તેની સન્મુખ થઈને તેનો સ્વીકાર કરતાં આત્મા પોતે પોતામાં એકત્વથી સમ્યગ્દર્શનાદિરૂપ પરિણમે છે. જ્ઞાનસ્વભાવમાં તન્મયરૂપ જ્ઞાનભાવે પરિણમતો આત્મા તે સાચો આત્મા છે; અને ક્રોધાદિ પરભાવોમાં તન્મય થઈને અજ્ઞાન–ભાવરૂપે પરિણમતો આત્મા તે અનાત્મા છે, આત્મભાવની તેને પ્રાપ્તિ નથી થઈ. –આમ જીવને એક સ્વસમયપણું અને બીજું પરસમયપણું–એવી બે અવસ્થાઓ છે. તેમાં સ્વસમયપણું તે સુંદર છે. અનાદિથી પરસમયપણું છે તે છૂટીને સ્વસમયપણું થાય–એવી વાત આ સમયસારમાં બતાવી છે. તેને હે ભવ્ય જીવો ! તમે બહુમાનપૂર્વક સાંભળીને લક્ષમાં લેજો.

* * * * *

## મહાન તત્ત્વ

* પ્રભુ ! તું મહાન તત્ત્વ છો; રાગ જેટલો નાનકડો તું નથી.
* તારામાંથી તો અલૌકિક આનંદના તરંગ ઊઠે એવો તું છો.
* તારામાંથી રાગના કે દુઃખના તરંગ ઊઠે એવો તું નથી.
* અંતર્મુખ થતાં સ્વતત્ત્વ જ્ઞાન–આનંદના તરંગરૂપે પરિણમે છે.
* આવા આનંદમય તત્ત્વનું માપ વિકલ્પોથી થઈ શકે નહીં; એનું માપ તો ચેતનાવડે જ થાય.–એવું મહાન આત્મતત્ત્વ છે.

# પરમઆનંદમય સહજ તત્ત્વને સાધવાની રીત

卐卐卐

મોક્ષાર્થીજીવ સ્વકાર્યને કઈ રીતે સાધે છે તેનું ઉત્સાહપ્રેરક પ્રવચન આપે પૃ. ૯ ઉપર વાંચ્યું; તેનો બીજો ભાવ આપ અહીં વાંચશો. અહા, મુમુક્ષુજીવ જગતથી કેટલો વિરક્ત હોય છે! ને સ્વકાર્યને સાધવા માટે અંતરમાં એકલો-એકલો કેવો મશગુલ હોય છે! તે અહીં એવા સરસ ભાવથી બતાવ્યું છે કે આત્માને પણ તેવી સાધનાનું તાન ચડે છે; ક્યાંય થોડીઘણી પણ ઢીલાશ હોય તો તે ખંખેરી નાંખીને આત્માને સાધવાની શૂરવીરતા જાગે છે. જગતના લોકમત સામે જોઈને બેસી રહેનારા જીવો આત્મામાં ઊતરી શકતા નથી; આત્મામાં ઊંડે ઊતરનારા જીવોને જગત સામે જોવાની ફૂરસદ હોતી નથી. વાહ! કેવો સરસ નિરપેક્ષ માર્ગ છે!

[ નિયમસાર ગાથા. ૧૧૫ થી ૧૧૮ ના પ્રવચનોમાંથી : ૨૪૯૮, માગશર સુદ ૧ થી ૫ ]

મુમુક્ષુજીવે અંતરમાં એકલા પોતાના ગંભીર ચૈતન્યતત્ત્વની સાધના કર્તવ્ય છે, અને લોક સાથે વાદવિવાદ તે કર્તવ્ય નથી; પોતે પોતાનું કામ કરી લેવા જેવું છે. બીજાને સમજાવવા માટે કે જૈનધર્મની પ્રભાવના માટે પણ સંકલ્પ-વિકલ્પો કરવામાં અટકવું-તે કાંઈ મુમુક્ષુનું કર્તવ્ય નથી, મુમુક્ષુનું કર્તવ્ય વિકલ્પોથી પાર થઈને બાહ્ય સંગરહિત એકલા ચૈતન્યને અંતરમાં સાધવું-તે જ છે. આવી સાધના તે જ મોક્ષમાટે કર્તવ્ય છે. આવી સાધના કરતાં-કરતાં વચ્ચેના રાગની ભૂમિકામાં વ્યવહાર પ્રભાવના વગેરે સહેજે થઈ જાય છે, પણ સાધકને તે રાગમાં કર્તૃત્વબુદ્ધિ નથી, રાગની હોંશ નથી; એને તો મોક્ષ માટે શુદ્ધરત્નત્રયરૂપ સ્વકાર્યને સાધવાની જ હોંશ છે, તેમાં જ તત્પરતા છે. ધર્મીજીવ પોતાના સહજ તત્ત્વને કઈ રીતે આરાધે છે તેનું આ વર્ણન ચાલે છે-

**નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,**

**ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭**

જેમ કોઈ માણસ પહેલાં દરિદ્ર હોય ને પરદેશ ગયો હોય, તે કોઈ મહાભાગ્યથી

મોટા નિધાન પામે; પછી તે પરદેશ છોડીને પોતાના નિજવતનમાં રહીને એકલો ગુપ્તપણે તે નિધિને ભોગવે છે; તેમ સહજ જ્ઞાનસ્વરૂપ જીવ પોતાના સ્વરૂપને ભૂલીને અનાદિકાળથી સંસારમાં રખડતો દુઃખી થયો; તે જીવ, ક્યારેક સહજ વૈરાગ્યવંત થઈ શ્રીગુરુની પરમભક્તિવડે, તેમણે જેવો પરમસ્વભાવ કહ્યો તેવો લક્ષગત કરીને, પોતાના સહજ જ્ઞાનનિધિને પામ્યો, તેના સમ્યક્ત્વાદિ ગુણની પવિત્રતાનો ઉદય થયો, ને અંદર નિર્વિકલ્પ શ્રદ્ધા–જ્ઞાન–શાંતિમાં પોતાના પરમઆનંદમય જ્ઞાનાનિધાન પોતામાં જ પામ્યો...ભાન થયું કે અહો ! હું તો આવા પરમશાંત ચૈતન્યનિધાનનો ભંડાર છું, મારા આ નિધિને શ્રીગુરુપ્રતાપે મેં મારામાં દેખ્યો છે. –એમ સહજ પરમતત્ત્વજ્ઞાની થયેલો આ જીવ પોતાના સહજ જ્ઞાનનિધિને પોતાના સ્વરૂપમાં ગુપ્તપણે એકલો–એકલો ભોગવે છે. ગંભીર ઊંડા ચૈતન્યનિધાનના ભોગવટામાં મગ્ન તે જીવ અજ્ઞાની–લૌકિકજનોના સંગને ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને છોડે છે.

અહો, મારા આત્માના પરમ ગુણો નિર્મળપણે ઉદિત થયા, અનંતા ગુણોનાં નિધાન નિર્મળ પર્યાયરૂપે ખીલી ઉઠયા, આવા નિધાન પોતામાં છે પછી જગત સામે શું જોવું ? જ્ઞાનીના અંતરમાં ચૈતન્યના કેવા નિધાન છે તેની જગતને ક્યાં ખબર છે ? જગતને પોતાના નિધાનની પણ ખબર નથી, ને જ્ઞાનીના નિધાનને તે ઓળખતું નથી. અરે, જેને પોતાના સ્વરૂપની ખબર નથી એવા અજ્ઞાની જીવોના સંગનું મારે શું કામ છે ? હું તો જગતથી વિરક્ત થઈને, સહજ વૈરાગ્ય–સંપત્તિવાળો થઈને મારી પરિણતિને અંતરમાં વાળીને મારા સહજ જ્ઞાનનિધિને પામ્યો છું. મારા શ્રીગુરુએ પણ મને એ જ બતાવ્યું હતું કે વિકલ્પથી પાર થઈને અંદર તારા જ્ઞાનસ્વભાવની સન્મુખ થા. આ રીતે જ્ઞાનસ્વભાવની સન્મુખ થવું તે જ જ્ઞાનીધર્માત્માની ખરી સેવા છે. આવા જ્ઞાનની શ્રદ્ધા વગર જ્ઞાનીની જ્ઞાનચેતનાને ઓળખાય નહીં એટલે જ્ઞાનીની ખરી સેવા થાય નહીં. જ્ઞાનીના જ્ઞાનની ઓળખાણ વગર, એકલા શરીરની સેવા કરે તેમાં બહુ તો શુભભાવ હોય, પણ તેનાથી જ્ઞાનનિધાન ન પ્રગટે. જ્ઞાનનિધાન તો અંદરમાં જેવો જ્ઞાનીએ બતાવ્યો તેવો જ્ઞાનસ્વરૂપ પોતાનો આત્મા અનુભવમાં લ્યે ત્યારે જ પ્રગટે છે. પરમગુરુ પણ એવા જ છે કે જે અંદરમાં જ્ઞાનપુંજ–ચૈતન્યરસને સેવવાનું બતાવે છે. રાગના રસથી પાર એકલો જ્ઞાનરસનો ઢગલો તે આત્મા છે, તેની સન્મુખ થતાં ભાન થયું કે અહો ! આવા અનંતગુણના નિધાનથી પૂરો, જ્ઞાનથી પૂરો, આનંદથી પૂરો, શાંતિથી પૂરો–એવો હું છું. આવા ચૈતન્યનું ભાન થતાં તેમાં જ રસ રહે છે ને પરના સંગનો રસ છૂટી જાય છે, રાગનો રસ ઊડી જાય છે, એકલા

ચૈતન્યરસના નિધાનને જ પરમ પ્રીતિથી પોતાના સ્વઘરમાં બેઠો બેઠો ગુપ્તપણે ભોગવે છે.–અહા, એના અંતર્‌વેદનની શી વાત! લોકો એને ક્યાંથી દેખી શકે? જ્ઞાનીનાં ગુપ્ત ચૈતન્યનિધાનને જગત દેખી શકતું નથી. પણ જગતને દેખાડવાનું શું કામ છે? જગત ન દેખે તેથી શું? હું તો મારા નિધાનને મારામાં પ્રગટપણે અનુભવી જ રહ્યો છું.–એમ ધર્મી નિઃશંકપણે પોતાના ગુપ્તનિધાનને પોતામાં ભોગવે છે, તેની રક્ષા કરે છે. ચૈતન્યના અગાધ નિધાન પાસે જગતની વિભૂતિને તે તરણાં સમાન દેખે છે, એટલે મુમુક્ષુએ જગતથી અસંગ થઈને પોતે પોતાના પરમ આનંદનિધાનને જ સાધવા જેવું છે; બીજા માટે ક્યાંય રોકાવા જેવું નથી; બીજાના સંગે તો તારું ચિત્ત ચંચળ થશે ને આકુળતા થશે એટલે ધ્યાનમાં વિઘ્ન થશે. માટે ચૈતન્યના આનંદમય ધ્યાનની સિદ્ધિઅર્થે મુમુક્ષુજીવ પરસંગ છોડે છે, ને ગુપ્તપણે એકલો પોતાના જ્ઞાનની રક્ષા કરીને સ્વકાર્યને સાધે છે. આ રીતે મુમુક્ષુએ પરમ વૈરાગ્યથી, ચૈતન્યના સંગે સ્વકાર્યને સાધવું. પોતાને મળેલા પરમ જ્ઞાનતત્ત્વને પોતામાં બરાબર સાચવવું. વિપરીત જનોના સંગથી દૂર, પોતામાં ગૂઢ થઈને ગંભીર જ્ઞાનતત્ત્વમાં રહેવું–જેમાં કોઈ વિકલ્પનોય સંગ નથી.

અહા! જેમાં સર્વજ્ઞશક્તિ, અતીન્દ્રિય આનંદ, નિર્વિકલ્પ શાંતિ એવા અનંત ચૈતન્ય નિધાન ખુલ્લા દેખાય છે એવા પોતાના ગુપ્ત ચૈતન્ય નિધાનને પામીને હે જ્ઞાની! તું તારામાં જ ભોગવ. તારા અમૂલ્ય જ્ઞાનનિધાનની તું રક્ષા કરજે. પરમતત્ત્વના જે અપૂર્વ શ્રદ્ધા–જ્ઞાન–શાંતિ પ્રગટયા છે તેની રક્ષા કરજે એટલે ગમે તેવા પ્રસંગે પણ તેમાં વિપરીતતા થવા ન દઈશ. જગત તારી વાત ન માને, ખોટી કહે, વિરોધ કરે, નિંદા કરે, કે રોગાદિ કોઈ પણ પ્રતિકૂળતા આવે તોપણ તારા શ્રદ્ધા–જ્ઞાન–શાંતિને છોડીશ નહીં, અમૂલ્ય નિધાનની જેમ તેને સાચવજે. તારા શ્રદ્ધા–જ્ઞાનની રક્ષાને માટે હે મુમુક્ષુ! સંસારના અનેક પ્રકારના રાગી–દ્વેષી–અજ્ઞાની જીવોના સંગથી તું દૂર રહેજે. જગતના સંગે તારી આત્મશાંતિમાં ભંગ પડવા દઈશ નહીં; જગતથી વિરક્તપણે તારા સ્વકાર્યને સાધવામાં તત્પર રહેજે. હું મારા ચૈતન્યના નિધાનની સન્મુખ પરિણમ્યો છું–પર્યાયમાં તે નિધાન પ્રગટ થયા છે, પછી જગતના કોલાહલનું મારે શું કામ છે? બહારમાં બીજાના સંગનું મારે શું પ્રયોજન છે? હું તો મારા આત્માની જ ભાવનામાં ઊંડેઊંડે ઊતરીને મારા સ્વકાર્યને સાધી રહ્યો છું. ગરીબને સોનાની ખાણ મળે તેમ મને મારા અચિંત્ય ચૈતન્યના નિધાન મારામાં મળ્યા છે...પરમ

ચૈતન્ય રત્નોની ખાણ પ્રગટી છે, સમ્યક્ત્વાદિ મારા અનંત ગુણોની સંપત્તિ મને મળી છે, તેની પાસે જગતની શી કિંમત?–આ રીતે ચૈતન્યસંપદા પાસે જ્ઞાની જગતને તૃણવત સમજીને, આત્મઆરાધનારૂપ સ્વકાર્યને સાધે છે. હે મુમુક્ષુ! આ જ તારે અવશ્ય કરવાનું કાર્ય છે. આ રીતે મુમુક્ષુજીવ આનંદથી પોતાના સ્વકાર્યને સાધે છે.

## 卐 આત્મસાધનાના મહાન આનંદ પાસે જગત સામે શું જોવું? 卐

અહા, મારા આત્માના પરમ આનંદને હું સાધી રહ્યો છું; આત્માના આ આનંદ પાસે જગતના સંગ તરફ વલણ જ રહેતું નથી. જીવ ચૈતન્યની એકાગ્રતાથી બહાર નીકળે ત્યારે પરસંગ થાય ને ચિત્ત વ્યગ્ર રાગી–દ્વેષી થાય, તે તો જન્મ–મરણના રોગનું જ કારણ છે. પરસંગ એટલે તેના તરફનો ઉપયોગ, તેમાં ચિત્ત ચંચળ થાય છે. માટે હે મુમુક્ષુ! બહારમાં પરચીજ હોવા છતાં તેનાથી પરમ વિરક્ત થઈને તારા ચિત્તને અંદર શાંતિથી ભરેલા ચૈતન્યતત્ત્વમાં જ જોડ, ને તારા સ્વકાર્યને સાધ. બુદ્ધિ–વડે એટલે કે ભેદજ્ઞાનવડે પરથી આત્માને જુદો અનુભવ્યો છે–એવો જ્ઞાની મહા આનંદમય ચૈતન્યતત્ત્વમાં પરિણામમાં જોડે છે ને આત્મા સિવાય આખી દુનિયાથી અત્યંત ઉદાસીન રહે છે. આ રીતે આત્માના સહજસ્વરૂપને સાધે છે. આત્મસાધનાના મહાન આનંદ પાસે જગત સામે શું જોવું?

અહા, આત્માનો પરમ આનંદ જ્યાં ચાખ્યો ત્યાં એ વીતરાગરસ પાસે જગતના રાગનો રસ કેમ રહે? પરતરફની વૃત્તિમાં તો ક્લેશ છે, તેમાં આનંદની ગંધ પણ નથી. મારું સ્વતત્ત્વ લક્ષમાં લેતાં તે તો અનાકુળ શાંતરસપણે અનુભવાય છે; એના વેદન પાસે જગત રસ વગરનું તરણાંસમાન ભાસે છે. ચૈતન્યરસનો રસ ચાખ્યો ત્યાં કષાયનો રસ કેમ ગમે? અરે, ચૈતન્યતત્ત્વના આનંદમાં એક શુભવિકલ્પનોય બોજો ક્યાં પાલવે છે? આંખમાં તો કણું કદાચ રહી શકે, પણ ચૈતન્યના શાંતરસમાં કષાયનો કણિયો રહી શકે નહીં, શુભરાગનોય કણ તેમાં રહી શકે નહીં. આવા શાંતરસના ધામ તારા ચૈતન્યનિધાનને હે મુમુક્ષુ! તું એકલો–એકલો સાધજે, તેમાં જગતના બીજા કોઈની અપેક્ષા રાખીશ નહીં. જગતના પંથથી ચૈતન્યના પંથ નીરાળા છે. ચૈતન્યના સુખનો માર્ગ અંદર પોતામાં જ સમાય છે, પોતાની પરિણતિ પોતામાં જ એકાગ્રપણે પરમઆનંદને અનુભવે છે, આનંદ માટે કાંઈ બહાર જગત સામે જોવું પડતું નથી. જ્યાં તારા અગાધ નિધાન ભર્યાં છે તેમાં જોતાં તને પરમ જ્ઞાન–આનંદના નિધાન પ્રગટશે. અનાદિથી

નહોતા મેળવ્યા એવા પરમ નિધાન તને પ્રાપ્ત થશે. ધર્માત્મા કહે છે કે અરે, અમને અમારા આ અપૂર્વ નિધાન મળ્યા, હવે આ નિધાન પાસે જગતને અમે સદા તૃણવત્ દેખીએ છીએ.–આમ પોતાને પોતાના નિધાનનો અચિંત્ય મહિમા આવ્યો છે; તે પોતે પરમવૈરાગ્યથી, શાંતચિત્તથી, ગુપ્તપણે પોતાના આનંદનિધાનને એકલો ભોગવે છે; આનંદથી સ્વકાર્યને કરતો–કરતો તે મોક્ષને સાધે છે. સર્વે તીર્થંકરાદિ પુરાણ પુરુષોએ આ રીતે આત્માના અનુભવરૂપ સ્વકાર્ય કરીને આત્માની આરાધના કરી, તે આત્મઆરાધનાના પ્રસાદથી તેઓ કેવળજ્ઞાની થયા; અને તેમના માર્ગે અમે પણ આત્મઆરાધનારૂપ સ્વકાર્ય કરી રહ્યા છીએ.

## શ્રીગુરુએ બતાવેલા પરમતત્ત્વમાં શીઘ્ર પ્રવેશીને મુમુક્ષુજીવ મોક્ષને સાધે છે.

સંસારમાં કનકમાં કે કામિનીમાં ક્યાંય સુખ નથી, અશુભમાં કે શુભમાં કોઈ પરભાવમાં આત્માને શાંતિ નથી,–એમ જાણી તે બધાથી ઉદાસ થયો અને આત્માના નિર્દોષ સુખનો અભિલાષી થયો તે જીવ શ્રી જ્ઞાનીગુરુ પાસે થઈને ધર્મ પ્રાપ્તિ કરે છે–એટલે કે શીઘ્ર પરમાત્મતત્ત્વમાં પ્રવેશ કરે છે. શ્રીગુરુએ જે પરમતત્ત્વ બતાવ્યું તે સમજીને પરમ પ્રમોદથી તેમાં પ્રવેશ કરે છે એટલે કે તેનો અનુભવ કરે છેઃ અહા! મારું પરમાત્મતત્ત્વ શ્રીગુરુએ મને દેખાડયું. મારું આ તત્ત્વ પ્રાપ્ત થતાં મારું ચિત્ત પરમ શાંત થયું છે. મારું તત્ત્વ સ્વયં નિત્ય આનંદવાળું છે, અચિંત્ય ગુણોથી શોભતું છે અને દિવ્ય જ્ઞાનવાળું છે. શ્રીગુરુએ આવું જ તત્ત્વ બતાવ્યું; શરીરવાળું કે રાગની ક્રિયાવાળું આત્મતત્ત્વ ન કહ્યું, પણ તેનાથી ભિન્ન તત્ત્વ જ્ઞાન ને આનંદસ્વરૂપ બતાવીને તેમાં પ્રવેશ કરવાનું કહ્યું.–શ્રીગુરુના ઉપદેશઅનુસાર આવા પરમતત્ત્વરૂપે પોતાને દેખતાં જ જીવ તેમાં પ્રવેશ કરે છે એટલે કે પરિણામ તેમાં જ મગ્ન થાય છે. પોતાનું આવું પરમાત્મતત્ત્વ જાણે ને તેમાં જીવનાં પરિણામ ન ઠરે એમ કેમ બને? પરમાત્મતત્ત્વ પોતે સહજ જ્ઞાન–આનંદ વગેરે અનંતગુણના નિર્મળભાવે પરિણમે છે. આવા સ્વતત્ત્વની પ્રાપ્તિ–અનુભૂતિ તે જ મુમુક્ષુનું જરૂરી કાર્ય છે. આનાથી બાહ્ય બીજી કોઈ શુભક્રિયાઓ તે કાંઈ મોક્ષ માટે જરૂરી નથી એટલે કે તે કાંઈ મોક્ષનું કારણ થતી નથી. મોક્ષ માટે જરૂરી ક્રિયા એટલે કે નિશ્ચય આવશ્યક, તે તો શુભવિકલ્પોથી વિપરીત છે; વિકલ્પો તો પરદ્રવ્યના આશ્રયે છે, ને મોક્ષના કારણરૂપ આવશ્યકક્રિયા તો શુદ્ધ સ્વદ્રવ્યના આશ્રયે છે. આમ જાણીને ધર્મીજીવ સ્વદ્રવ્યમાં પ્રવેશીને એકલો એકલો પોતાના ચૈતન્યનિધાનને અનુભવે છે. આવા અનુભવવડે મુમુક્ષુજીવ મોક્ષને સાધે છે, તે જ તેનું સ્વકાર્ય છે.

# * પોતાના એકત્વમાં શોભતું મહાન ચૈતન્યતત્ત્વ. *

## આત્મા સમ્યગ્દર્શનાદિ ભાવમાં વસ્યો તે જ સાચું વાસ્તુ.

###卐 ચૈતન્યતત્ત્વની અપૂર્વ વીતરાગવાર્તા 卐

અહા, આત્માનું સુંદર એકત્વ-વિભક્ત સ્વરૂપ સંતો બતાવે છે. તેની અપૂર્વ પ્રીતિ લાવીને શ્રવણ કરવા જેવું છે, ને જગતનો પરિચય છોડી, પ્રેમથી આત્માનો પરિચય કરી અંદર તેનો અનુભવ કરવા જેવું છે. આવા અનુભવમાં પરમ શાંતિ પ્રગટે છે ને અનાદિની અશાંતિ મટે છે. આત્માના આવા સ્વભાવનું શ્રવણ-પરિચય -અનુભવ દુર્લભ છે, પણ અત્યારે તેની પ્રાપ્તિનો સુલભ અવસર આવ્યો છે. માટે હે જીવ! બીજું બધું ભૂલીને તું તારા શુદ્ધસ્વરૂપને લક્ષમાં લે... ને તેમાં વસ... એ જ મંગલ-વાસ્તુ છે.

卐 卐 卐

[ માગશર સુદ ૭ : સોનગઢમાં વૃજલાલ ભાઈલાલ બરવાળાવાળાના મકાન ( **મંગલમ્** ) ના વાસ્તુપ્રસંગે સમયસાર ગાથા ૩ ઉપરના પ્રવચનમાંથી. ]

આત્મામાં સિદ્ધને સ્થાપીને, આત્માનું શુદ્ધસ્વરૂપ આચાર્યદેવ દેખાડે છે. જીવ પોતાના એકત્વસ્વરૂપમાં, કર્મના સંગ વગરનો રહે તે જ શોભે છે એટલે કે સમ્યગ્દર્શનાદિ ભાવરૂપે પરિણમેલો જીવ જ સુંદરપણે શોભે છે; અજ્ઞાનરૂપે પરિણમે ને કર્મથી બંધાય તે જીવને શોભતું નથી. જગતના બધાય પદાર્થો પોતપોતાના સ્વરૂપમાં એકત્વપણે શોભે છે, તો જીવને દ્વૈતપણું-પરસમયપણું કેમ શોભે? તે વાત ત્રીજી ગાથામાં કહે છે.

પરથી ભિન્ન ચૈતન્યમય પોતાના અસ્તિત્વને જાણીને, પોતાના એકત્વસ્વરૂપમાં રહેવું તે જ ઉત્તમ નિજઘરમાં વાસ્તુ છે. જીવ પોતાની ચૈતન્યવસ્તુને ભૂલીને કોઈ નાનામાં નાના સૂક્ષ્મ વિકલ્પમાંય પોતાપણું માનીને તેમાં એકત્વપણે વર્તે-તો જીવને તે શોભતું નથી. અરે બાપુ! ક્યાં તારી ચૈતન્યજાત! ને ક્યાં રાગની જાત! પ્રભુ! તારી અચિંત્ય

ચૈતન્યશોભામાં રાગનો સંગ શોભતો નથી. 'હું આનંદ છું, હું જ્ઞાન છું' એવા સ્વસન્મુખ વિકલ્પની વૃત્તિ, તે પણ ચૈતન્યજાતમાં શોભતી નથી, ત્યાં બીજા રાગની શી વાત! ચૈતન્યતત્ત્વ એકલું પોતે પોતાની જ્ઞાનપરિણતિમાં શોભે છે; તેમાં નિર્વિકલ્પ શાંતિનું અપૂર્વ વેદન છે. તે શાંતિમાં રાગનો કણિયો પ્રવેશે નહીં. શાંતિનું ઘર તો આવો મારો આત્મા જ છે–કે જેમાં અશાંતિનો પ્રવેશ નથી,–આવા નિજઘરમાં વસ્યે જ સાચી શાંતિ છે.

અરે જીવ! તારા ચૈતન્યનો પરમ મહિમા છે; તેને જાણ્યો નહિ ને પરનો જ મહિમા ગાવામાં રોકાયો, એટલે તારો આત્મા તો શુભરાગમાં જ રહ્યો; –ચૈતન્યપ્રભુ વિકારમાં રહે એ તે કાંઈ એને શોભે છે? જગતથી જુદું ને રાગ–દ્વેષ –મોહથી જુદું જે સહજસ્વરૂપે શોભતું ચૈતન્યતત્ત્વ, તે પોતાના એકત્વસ્વરૂપમાં રહીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમે છે, તે પરિણતિમાં રાગાદિભાવો નથી. જીવ પોતે પોતાના સ્વ–ધ્યેયમાં એકતારૂપે પરિણમે તો તેમાં રાગાદિ ભાવો થતા નથી, તેમાં તો સુંદર આનંદની જ ઉત્પત્તિ છે. આવા સુંદર–શાંત–શોભતા ચૈતન્યતત્ત્વને જડની સાથે એક માનવું કે રાગવાળું માનવું તે તો વિખવાદ છે, અશોભા છે, નિંદનીય છે.

ચેતનનું ચેતનપણું શોભે છે, ચેતનનું રાગપણું શોભતું નથી. રાગથી ભિન્ન પરિણમીને, પોતાના સમ્યક્ત્વાદિ ચેતનભાવરૂપે પરિણમ્યો તે આત્મા પોતે પોતાના એકત્વમાં સ્વસમયપણે શોભે છે. જેને પોતાના ચૈતન્યપણાની ખબર નથી, તે રાગની વૃત્તિમાં જ આખો આત્મા માનીને તેમાં જ પોતાને સ્થાપે છે; અનાદિથી એ રીતે અજ્ઞાનથી રાગમાં જ વર્તતો થકો જીવ સંસારમાં દુઃખી થાય છે–એ તેને શોભતું નથી. હવે આચાર્યદેવ–શ્રીગુરુ તેને શુદ્ધસ્વરૂપ બતાવે છે કે હે આત્મા! સિદ્ધ જેવો તારો શુદ્ધઆત્મા, તેમાં રાગ ક્યાંથી આવ્યો? તારું તત્ત્વ રાગથી પાર એકલા ચૈતન્યભાવમાં તન્મયપણે શોભતું છે, તેને લક્ષમાં લેતાં, તારો આત્મા રાગથી જુદો થઈને સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમશે, તેમાં તન્મયપણે વર્તતો આત્મા શોભે છે; તેના અંતર્ગત પરિણામમાં હવે દુઃખનો અભાવ થઈ ગયો, પોતાના સહજસુખ વગેરે અનંત–ગુણની નિર્મળતાથી હવે તે શોભે છે.

ભાઈ! આ તારી શોભાની વાત છે; તારો આત્મા કેવી રીતે શોભે છે તે બતાવે છે. જગતમાં જેટલા પદાર્થો છે તે બધાય પોતપોતાના સ્વધર્મમાં રહેલા શોભે છે. અનંત આકાશ તે આકાશપણે જ શોભે છે, આકાશ મટીને તે કદી બીજારૂપે થતું નથી; પુદ્ગલ

છે તે પુદ્‌ગલપણે જ શોભે છે, પુદ્‌ગલપણું છોડીને તે કદી જીવાદિરૂપ થતું નથી; ધર્માસ્તિકાય વગેરે પણ પોતપોતાના સ્વરૂપે જ શોભે છે; જો તેમ ન વર્તે ને એકબીજાના રૂપે થઈ જાય તો પદાર્થ શોભે નહીં એટલે કે તેના સ્વરૂપનું અસ્તિત્વ જ ન રહે, બીજામાં ભેળસેળ થઈ જાય કે અસ્તિત્વનો લોપ થઈ જાય. એ રીતે જગતનાં બધા પદાર્થો જ્યારે પોતપોતાના નિશ્ચિત સ્વરૂપમાં જ એકત્વપણે રહેલા શોભે છે, તો પછી જીવ પણ પોતાના ચૈતન્યસ્વરૂપમાં જ એકત્વપણે રહે તે શોભે છે; ચૈતન્યસ્વરૂપ જીવ ચૈતન્યપરિણામને બદલે દુઃખપરિણામમાં રહે ને પુદ્‌ગલકર્મના સંગમાં રહે–એવું દ્વૈતપણું તેને શોભતું નથી. પરથી ભિન્ન એવા પોતાના નિશ્ચિત ચૈતન્યસ્વરૂપને જાણીને તેમાં જ એકત્વભાવે પરિણમે તો તો દુઃખ ન થાય, કર્મનો સંબંધ ન થાય, ચૈતન્યભાવ ચૈતન્યપણે છૂટો ને છૂટો જ રહે, તેને બંધન થાય નહીં; એટલે પોતાના સહજ જ્ઞાન–આનંદમય સ્વરૂપથી તે શોભે છે. આવું શોભતું કલ્યાણ–મંગલમય નિજઘર તેમાં વસવું તે વાસ્તુ છે; આવા આનંદમય સ્વઘરને બદલે રાગના દુઃખમય ઘરમાં રહેવા કોણ જાય? અને જડના ઘરને પોતાનું કોણ માને? જડથી જુદું, રાગથી જુદું આનંદમય નિજઘર તે જ તારું ઉત્તમ રહેઠાણ છે, તેને ઓળખીને તેમાં વસતાં પરમસુખથી આત્મા શોભે છે–તે જ સુંદર છે. આવા સ્વઘરમાં આવતાં જ દુઃખના દહાડા દૂર થાય છે ને સુખનાં અગાધ નિધાન પ્રગટે છે.

જગતમાં જીવ સિવાયનાં પાંચ અજીવ પદાર્થો છે તેઓ પોતપોતાના અજીવ–ધર્મોમાં જ સદા અંતર્મગ્ન રહીને, પોતાના સ્વગુણ–પર્યાયોને જ ચુંબે છે–તેમાં જ તન્મય રહે છે પણ બીજારૂપે કદી થતા નથી; તેથી તેઓ પોતાના એકત્વસ્વરૂપે શોભે છે; તો આ જીવપદાર્થ પણ પોતાના અનંત જીવધર્મોમાં સદા અંતર્મગ્ન રહે, પોતાના સ્વકીય શુદ્ધ ગુણ–પર્યાયોમાં સ્વધર્મને ચુંબીને–તેમાં તન્મય રહીને વર્તે, ને વિરુધ્ધધર્મરૂપે (રાગાદિ પરભાવરૂપે) ન વર્તે, તેમાં જ તેની શોભા છે. ચૈતન્યમય ગુણ–પર્યાયરૂપ જે પોતાના સ્વધર્મો તેમાં જ જીવ શોભે છે; પરસાથે ભેળસેળ કરવા જાય ને ચેતનને બદલે રાગપણે–દુઃખપણે વર્તે તે જીવને શોભતું નથી.

આત્મા પોતાના ગુણ–પર્યાયરૂપ ધર્મોને સ્પર્શે છે–તેમાં એકમેક થઈને રહે છે, પણ બીજા કોઈ પદાર્થને તે સ્પર્શતો નથી; અનંતા પદાર્થો ભલે એકક્ષેત્રે રહ્યા, તોપણ તેઓ એકબીજામાં જરાય ભળતાં નથી, સૌ જુદેજુદા પોતપોતાના સ્વગુણ–પર્યાયોમાં જ રહે છે. આત્મા અને શરીર અનાદિકાળથી એકક્ષેત્રે રહેવા છતાં,


આત્મા કદી શરીરને અડયો નથી, આત્માના એક્કેય ગુણ–પર્યાય શરીરરૂપ નથી થયા, કે શરીરના કોઈ ગુણ–પર્યાય આત્મામાં આવ્યા નથી. ત્રણેકાળે અત્યંત જુદેજુદા પોતપોતાના સ્વરૂપમાં જ રહ્યા છે. વસ્તુ પોતાના સ્વરૂપમાં જ શોભે છે.

એક ચૈતન્યભાવ ને બીજો રાગાદિ બંધભાવ–એવા બે ભાવો એક આત્મામાં કેમ શોભે? આત્મા તો એકલા ચૈતન્યભાવમાં જ શોભે. અરે, ચૈતન્યપણે શોભતો આવો સુંદર જીવ, તેને કર્મના સંબંધવાળો કહેવો કે વિકારી કહેવો તે શોભતું નથી. ચેતનતત્ત્વને જડનો સંગ શોભતો નથી. આત્માને પરસંગવાળો અનુભવતાં તો અશુદ્ધતા અને દુઃખનો અનુભવ થાય છે. આત્માના અનુભવમાં તો પરમ વીતરાગીસુખ અને શુદ્ધતાનો અનુભવ હોય, અને તે જ તેને શોભે.

અહા, આત્માનું આવું એકત્વ–વિભક્ત શુદ્ધસ્વરૂપ સંતો બતાવે છે, તેની અપૂર્વ પ્રીતિ લાવીને શ્રવણ કરવા જેવું છે ને પ્રેમથી તેનો પરિચય કરીને અંદર અનુભવ કરવા જેવું છે. આવા આત્માના અનુભવમાં જ મોક્ષસુખ પ્રગટે છે ને સંસારદુઃખ મટે છે. આત્માના આવા સ્વભાવનું શ્રવણ–પરિચય–અનુભવ મહા દુર્લભ છે, પણ અત્યારે તેની પ્રાપ્તિનો સુલભ અવસર આવ્યો છે, માટે હે જીવ! બીજું બધું ભૂલીને તું તારા શુદ્ધસ્વરૂપને લક્ષમાં લેજે.

અરે, ચૈતન્યવસ્તુને પોતાના ચૈતન્યરૂપે પરિણમવું તે શોભે, પણ ચૈતન્યથી વિરુધ્ધ એવા રાગાદિરૂપે પરિણમવું તેને કેમ શોભે? ચૈતન્યતત્ત્વ ચૈતન્યભાવમાં રહે–એવું એકત્વપણું તો સારું છે, પણ ચૈતન્યતત્ત્વ રાગાદિ પરભાવમાં રહે એવું દ્વિવિધપણું તો જીવને કેમ શોભે? અરે જીવ! તું ચૈતન્ય–આનંદમય તત્ત્વ, ને તને રાગવિકાર સાથે ભાઈબંધી કરવી કેમ ગમે? તું પોતાના એકત્વસ્વભાવમાં રહીને, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમતો સ્વસમયપણે રહે તે જ તને શોભે છે, તે જ સુંદર છે.

[આત્માનું એકત્વપણું સુંદર છે પણ તે દુર્લભ છે; દુર્લભ હોવા છતાં હવે શ્રીગુરુપ્રતાપે આ સમયસારના શ્રવણ વડે તે એકત્વસ્વરૂપ સુલભ થઈ ગયું છે. આચાર્યદેવ આત્માના અલૌકિક વૈભવથી આત્માનું એકત્વસ્વરૂપ દેખાડી રહ્યા છે તો તું અંતરમાં તારા સ્વાનુભવથી પ્રમાણ કરજે એટલે તારું એકત્વસ્વરૂપ તને સુલભ થઈ જશે.–આવી શૈલિથી સમયસારની રચના છે.]



સીમંધર ભગવાનના શ્રીમુખથી ૐકારધ્વનિમાં સાક્ષાત્ સાંભળેલું ને જાતે અનુભવેલું સ્વરૂપ આચાર્યદેવે આ સમયસારમાં બતાવ્યું છે. અહા, આ તો ચૈતન્યતત્ત્વની અપૂર્વ વીતરાગવાર્તા છે; સર્વજ્ઞ પરમાત્માના અલૌકિક પંથની આ વાત છે. સિદ્ધ જેવા પોતાના આત્માની આ વાત છે. વીતરાગી સંતોએ જાતે અનુભવેલું આત્માનું શુદ્ધસ્વરૂપ અહીં દેખાડયું છે. અનાદિસંસારનો અંત આવે ને મોક્ષસુખને સાધવાની શરૂઆત થઈ જાય એવો આ માર્ગ છે. તીર્થંકરો સમવસરણમાં જે પ્રકાશે છે, ગણધરો જે ઝીલે છે, ઇન્દ્રો જેને આદરે છે, ભેદજ્ઞાનીઓએ જેને અનુભવ્યું છે–એવું ચૈતન્યસ્વરૂપ વીતરાગી સંતો અહીં બતાવે છે, માટે હે જીવ! પરમ બહુમાનથી, આત્માના પ્રેમથી તું આવું સ્વરૂપ તારા સ્વાનુભવગમ્ય કરજે.



## પરમ સમાધિદાતા

# આત્મભાવના

આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવા માટેનું ૩૫૦ પાનાનું સુંદર–સચિત્ર પુસ્તક છપાઈને તુરતમાં તૈયાર થાય છે. એનું નામ છે ‘આત્મભાવના’ વિશેષ આવતા અંકે.

#卐 જ્ઞાયકભાવની ઉપાસના 卐

[ સમયસારના અપૂર્વ શ્રવણ વડે મોક્ષમાર્ગનો મંગલ પ્રારંભ ]

આત્માના વૈભવથી શુદ્ધાત્મા દેખાડીને આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય! આવા આત્માને ઉપાસવાથી (શ્રદ્ધા–જ્ઞાન–અનુભવમાં લેવાથી) તારા આત્મામાં અપૂર્વ મોક્ષમાર્ગ શરૂ થશે. પરથી વિભક્ત ને પોતાના જ્ઞાન–સ્વભાવમાં એકત્વ–એવા જ્ઞાયકસ્વભાવને ઉપાસવો–તે જ આ સમયસારનું હાર્દ છે. અનાદિથી રાગની ઉપાસના કરી છે, રાગનું જ સેવન કર્યું છે, પણ રાગથી પાર જ્ઞાનમાત્ર આત્મવસ્તુ પોતે કોણ છે તે કદી જાણ્યું નથી, તેની સેવા ક્ષણમાત્ર પણ કરી નથી; માટે હવે, આ સમયસારમાં અમે જે શુદ્ધાત્મા દેખાડીએ છીએ તેને તું ઓળખ, તેની ઉપાસના કર...તને મહા આનંદ થશે.

[ સમયસાર ગાથા ૬ ] 卐 [ માગશર વદ ૧–૨–૩ ]

* * * * *

પરદ્રવ્યોથી ભિન્ન ને પરભાવોથી ભિન્ન, એવો જે જ્ઞાયક એકભાવ છે તે આત્મા છે. આવા આત્માનું સ્વરૂપ જાણવું જોઈએ,–તો જ શુદ્ધઆત્મા જાણ્યો કહેવાય.

પ્રભો! એ શુદ્ધઆત્મા કેવો છે કે જેનું સ્વરૂપ આપ સમસ્ત આત્મવૈભવથી આ સમયસારમાં દેખાડવા માંગો છો?–આમ શિષ્યને ધગશ જાગી છે. પ્રભો! આપ જે એકત્વ–વિભક્ત શુદ્ધઆત્મા દેખાડવા માંગો છો તે કેવો છે? તેનું સ્વરૂપ મારે જાણવું છે –આવી ધગશપૂર્વક, આત્માનો જિજ્ઞાસુ થઈને જે સાંભળવા આવ્યો તેને આચાર્યદેવ શુદ્ધઆત્માનું સ્વરૂપ દેખાડે છે. આમ શિષ્ય આત્માનો પિપાસુ થઈને આવ્યો છે; માત્ર રૂઢિપૂર્વક રોજ એક કલાક વ્યાખ્યાન સાંભળી લેવું–એમ સાંભળવા ખાતર નથી સાંભળતો, પણ અંદરની ધગશથી ‘મારો શુદ્ધઆત્મા કેવો છે’ તે લક્ષમાં લઈને સાંભળે છે. સાંભળીને પછી કોઈ બીજાને સમજાવીશ–એવો હેતુ રાખીને નથી સાંભળતો; પણ શ્રવણનો હેતુ પોતાનો શુદ્ધઆત્મા જાણીને તેનો અનુભવ કરવો–તે છે. આવા શિષ્યને શ્રીગુરુ કહે છે કે સાંભળ! –

णवि होदि अप्पमत्तो ण पमत्तो जाणओ दु जो भावो।
एवं भणंति सुद्धं णाओ जो सो उ सो चेव।। ६।।
નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે,
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.

જે અપ્રમત્ત કે પ્રમત્ત નથી, જે શુભાશુભભાવોરૂપે કદી પરિણમતો નથી, સ્પષ્ટ જ્ઞાનજ્યોતિપણે જે સદાય પ્રગટ પ્રકાશમાન છે એવો જ્ઞાયક એક ભાવ છે તે શુદ્ધઆત્મા છે. દ્રવ્યસ્વભાવથી જોતાં આત્મા સદાય આવો જ્ઞાયકભાવ જ છે. જ્ઞાયકભાવ અપ્રમત્ત કે પ્રમત્ત નથી એમ કહીને મોહ–જોગકૃત બધા ગુણસ્થાનની અશુદ્ધતા કાઢી નાંખી.

ગુણસ્થાનનો નિષેધ કરવામાં ખરેખર તો મોહ અને જોગરૂપ વિભાવનો નિષેધ છે; તે વખતે જે નિર્મળપર્યાય છે તે તો આત્મામાં અભેદ થયેલી છે; તે પર્યાયના ભેદ ઉપર પણ લક્ષ રહેતું નથી, એકલા અભેદ જ્ઞાયકભાવ ઉપર લક્ષ એકાગ્ર થાય છે, ત્યારે જ્ઞાયકભાવની અભેદઉપાસના થાય છે, એટલે જ્ઞાયકઆત્મા પોતે શુભાશુભ કષાયચક્રથી જુદા એવા જ્ઞાયકભાવપણે જ પરિણમે છે. આવા આત્માને 'શુદ્ધ' કહેવાય છે.

પર્યાયમાં અનાદિથી આત્માને શુભાશુભભાવો અને કર્મપુદ્‌ગલનો સંબંધ છે, પણ દ્રવ્યસ્વભાવથી અનુભવ કરતાં જ્ઞાયકભાવ શુભાશુભ કષાયચક્ર વગરનો એકરૂપ સ્પષ્ટ જ્ઞાનજ્યોતિરૂપે જ અનુભવમાં આવે છે. આવા દ્રવ્ય ઉપર લક્ષ જતાં આત્મા પોતે શુદ્ધપર્યાયરૂપે પરિણમ્યો, ત્યાં તે પર્યાયે જ્ઞાયકભાવની ઉપાસના કરી; આવી ઉપાસના કરીને જ્ઞાયકસ્વભાવમાં દ્રષ્ટિ કરી ત્યાં તેને 'શુદ્ધ' કહ્યો.

પરદ્રવ્યોથી ભિન્ન, શુભાશુભભાવોથી ભિન્ન એવી અંતરદ્રષ્ટિથી આત્મા પોતે શુદ્ધતારૂપે પરિણમ્યો, તે શુદ્ધપર્યાયે શુદ્ધઆત્માને સેવ્યો; આવી આત્માની ઉપાસનાવડે શુદ્ધઆત્મા જણાય છે. શુદ્ધ દ્રવ્યની સન્મુખ થઈને આવી ઉપાસના કરનારી પર્યાય, પોતે પુણ્ય–પાપરૂપ થતી નથી; ને શુદ્ધપર્યાયના ભેદ ઉપર પણ તેનું લક્ષ નથી. શુદ્ધપર્યાય થઈ છે ખરી, પણ તે પર્યાય ઉપર પણ પર્યાયનું લક્ષ નથી, તે પર્યાય અંતર્મુખ થઈને અભેદપણે

જ્ઞાયકભાવને સેવે છે. ઉપાસના કરે છે કોણ? નિર્મળપર્યાય; ઉપાસના કરે છે કોની? એક જ્ઞાયકસ્વભાવની. જ્ઞાયકભાવની આવી ઉપાસના કરે ત્યારે અનંત સમૃદ્ધિવાળો આત્મા અનુભવમાં આવે છે. તે ખરેખરો 'જીવનો ઉપાસક' થયો. તે રાગને ઉપાસતો નથી, પરદ્રવ્યોને ઉપાસતો નથી. રાગથી ભિન્ન, પરદ્રવ્યોથી ભિન્ન, એકલું પોતાનું જ્ઞાયકતત્ત્વ, તેની સન્મુખ એકાગ્ર થઈને તેને જ તે ઉપાસે છે. તે આત્માને 'શુદ્ધ' કહીએ છીએ.

દ્રવ્યસ્વભાવથી બધા આત્મા શુદ્ધ તો છે, પણ સ્વસન્મુખ થઈને પર્યાયે તેની ઉપાસના કરી ત્યારે શુદ્ધપણે તે પ્રસિદ્ધ થયો. જેને પર્યાયમાં પોતાના શુદ્ધ આત્માની ખબર નથી ને એકલા શુભાશુભમાં એકત્વપણે પરિણમી રહ્યો છે તેને શુદ્ધ કહેતા નથી. પરદ્રવ્યના ભાવોથી ભિન્નપણું જાણીને, રાગ–રહિત એક જ્ઞાયકભાવપણે પોતે પોતાને જ્યારે ઉપાસે છે એટલે કે અનુભવમાં લ્યે છે ત્યારે જ તેને 'શુદ્ધ' કહીએ છીએ. હે શિષ્ય સ્વસન્મુખ થઈને આવા શુદ્ધાત્માને તું જાણ. આ રીતે આત્માને જાણીને તેની ઉપાસના કરતાં તારા આત્મામાં અપૂર્વ મોક્ષમાર્ગનો પ્રારંભ થશે.

શુદ્ધઆત્માને સેવવો એટલે કે જાણવો–અનુભવવો તે પ્રયોજન છે. પોતાની સ્વવસ્તુ કેવી છે તે શ્રદ્ધા–જ્ઞાનમાં આવ્યા વગર પોતે પોતામાં ઠરે કેવી રીતે? ને પોતામાં ઠર્યા વગર પરિભ્રમણ ટળે કઈ રીતે? શુભાશુભરૂપ પરિણમે તેને સાચો આત્મા કહેતા નથી, એટલે શુભાશુભ પરિણામો વડે આત્માની સાચી ઉપાસના થતી નથી. શુભાશુભ વગરની જે એક જ્ઞાનજ્યોતિ છે તે આત્મા છે. આવા જ્ઞાયકઆત્માની સન્મુખ થઈને તેના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ કર્યા તે જ શુદ્ધ આત્માની ઉપાસના છે. આવી ઉપાસનાવડે જેને નિર્મળદશા પ્રગટી તેને જ સાચા નિશ્ચય–વ્યવહાર નયો લાગુ પડે છે. જે શુદ્ધતા પ્રગટી તેમાં સર્વે શુભાશુભનો નિષેધ છે, ને શુભાશુભ પરિણમન વગરનો જે એકલો જ્ઞાયકભાવ તેનો જ તેમાં સ્વીકાર છે. દ્રવ્યસ્વભાવ તરફ જે પર્યાય ઢળેલી છે તેમાં તો કોઈ પ્રકારનો રાગ છે જ નહીં, તે તો પોતાના જ્ઞાયકદેવને એકને જ ઉપાસે છે –તેમાં તન્મય થઈને તેને જ સેવે છે. આ રીતે ઉપાસવામાં આવતાં જ્ઞાયકભાવ પરથી જુદો પોતાના એકત્વમાં રહ્યો ને શુભાશુભરૂપે પણ ન પરિણમ્યો, ત્યારે તેને 'શુદ્ધ' કહ્યો. દ્રવ્યથી તો શુદ્ધ

હતો જ, ને તેનું ભાન થતાં પર્યાયથી પણ શુદ્ધ થયો; તેને 'શુદ્ધ' કહીએ છીએ. સમ્યગ્દર્શન થયું ત્યારથી આત્માને 'શુદ્ધપણું' થયું. આ શુદ્ધપણું તે જ મોક્ષમાર્ગ છે; ત્યાં શુભાશુભ હોય પણ તે શુદ્ધતાથી બહાર છે, એટલે તે મોક્ષમાર્ગ નથી. શુદ્ધસ્વભાવના આશ્રયે શુદ્ધદશા થઈ, તે શુદ્ધતાને દ્રવ્ય–સ્વભાવ સાથે અભેદ કરીને તેને શુદ્ધનય કહ્યો; ને પર્યાયના ભેદના વિકલ્પને વ્યવહાર કહ્યો, અશુદ્ધ કહ્યો.

જુઓ, આ પરથી વિભક્ત, ને પોતાના જ્ઞાનસ્વભાવમાં એકત્વ એવો જ્ઞાયકસ્વભાવ–તેને શ્રદ્ધા–જ્ઞાન–અનુભવમાં લઈને ઉપાસવો તે જ આ સમયસારનું હાર્દ છે. જીવે અનાદિથી રાગની ઉપાસના કરી છે, રાગનું જ સેવન કર્યું છે, પણ રાગથી પાર જ્ઞાનમાત્ર આત્મવસ્તુ પોતે કોણ છે તે કદી જાણ્યું નથી, તેની સેવા ક્ષણમાત્ર પણ કરી નથી;–માટે હવે તું તેને ઓળખીને તેની ઉપાસના કર, એમ આચાર્યદેવનો ઉપદેશ છે.

'અનાદિથી શુભાશુભ કર્યા છે તો હવે શુદ્ધનો અનુભવ કેમ થાય? 'તો કહે છે કે ભાઈ, અનાદિથી બંધપર્યાયમાં જે શુભાશુભ કર્યા તે રૂપે તારો જ્ઞાયકસ્વભાવ થઈ ગયો નથી; જ્ઞાયકસ્વભાવ તો જ્ઞાયકભાવરૂપ જ રહ્યો છે; જ્ઞાયકસ્વભાવ પોતે શુભાશુભરૂપે થઈ ગયો નથી. માટે શુભાશુભ ઉપરથી દૃષ્ટિ હટાવીને અંદર જ્ઞાયકસ્વભાવને દૃષ્ટિમાં લે, તો જ્ઞાયકભાવ પોતે રાગરહિત એવા શુદ્ધભાવરૂપ પરિણમશે, શુભાશુભ વગરનો તારો આત્મા તને શુદ્ધરૂપે અનુભવમાં આવશે. આવો અનુભવ કરનાર જાણે છે કે 'હું શુદ્ધ છું; પરના સંગ વગરનો ને રાગ વગરનો, એકલા જ્ઞાયકપણે હું શુદ્ધ છું.' આવા 'શુદ્ધ'નો અનુભવ કરનારને શુદ્ધ કહીએ છીએ.

આવા શુદ્ધઆત્માને 'જ્ઞાયક' કહ્યો, પણ તેથી કાંઈ પરજ્ઞેયની ઉપાધિ તેને નથી; પરજ્ઞેય તરફ લક્ષ ન કરે ને સ્વસન્મુખ થઈને પોતે પોતાને જાણે ત્યારે પણ તે જ્ઞાયક જ છે. સ્વાનુભવમાં જ્ઞાયકસ્વરૂપે પોતે પોતાને પ્રકાશે છે. ત્યાં પોતે જ જ્ઞાયક છે ને પોતે જ પોતાનું જ્ઞેય છે.

જેમ અગ્નિ દાહકસ્વભાવવાળો છે, ત્યાં દાહ્યવસ્તુ હોય તેના આકારે તે અગ્નિ પોતાના દાહકસ્વભાવને લીધે થાય છે; અગ્નિ પોતે પોતાના દાહક–

સ્વભાવરૂપે પરિણમે છે; એ રીતે દાહકપણું અગ્નિનો પોતાનો સ્વભાવ છે, તે બીજા દાહ્ય પદાર્થોને લીધે નથી.

તેમ આત્મા જ્ઞાનસ્વભાવરૂપ હોવાથી સ્વયં પોતે જ્ઞાયક છે; ત્યાં સામે જેવા પરજ્ઞેય હોય તેવા જ્ઞેયાકારે થઈને જ્ઞાન પોતાના જ્ઞાયકસ્વભાવને લીધે તેને જાણે છે; અને પરજ્ઞેય તરફ લક્ષ ન હોય ત્યારે પણ સ્વાનુભવથી પોતે પોતાને પ્રકાશતો થકો આત્મા પોતાના જ્ઞાયકસ્વભાવરૂપે પરિણમે છે.–આ રીતે જ્ઞાયકપણું તે આત્માનો પોતાનો સ્વભાવ છે, બીજા જ્ઞેય પદાર્થોને લીધે તેને જ્ઞાયકપણું નથી. માટે પરની અપેક્ષા વગરનો જ્ઞાયક તો જ્ઞાયક જ છે. જ્ઞેયના આલંબનરૂપ અશુદ્ધતા તેને નથી. આ રીતે પરથી ભિન્ન પોતે પોતાને જ્ઞાયકપણે પ્રકાશતો થકો આત્મા 'શુદ્ધ' છે. જેમ પ્રકાશસ્વભાવી દીવો પોતે પોતાને પ્રકાશે છે તેમ જ્ઞાયકસ્વભાવી આત્મા સ્વયં પોતે પોતાને જ્ઞાયક–ભાવપણે સ્વસંવેદનમાં લ્યે છે. પરજ્ઞેય હોય તો જ આને જ્ઞાયક કહેવાય–એવું કાંઈ નથી, જેમ બીજી વસ્તુ હોય તો જ દીવાને પ્રકાશક કહેવાય એમ નથી, બીજી વસ્તુ વગર દીવો પોતેપોતાને પણ પ્રકાશે છે, તેમ પરજ્ઞેય તરફ લક્ષ વગર સ્વસન્મુખપણે જ્ઞાયક પોતે પોતાને જાણતો થકો જ્ઞાયક જ છે. દીવો પરને પ્રકાશે ત્યારે પણ દીવો જ છે, તેમ જ્ઞાયક પરને જાણે ત્યારે પણ પોતે તો જ્ઞાયકપણે જ રહે છે, કાંઈ પર જ્ઞેયને જાણવાથી તે અશુદ્ધ થઈ જતો નથી.

હે ભાઈ! આવો તારો આત્મા છે; જ્ઞાયકપણે જ પ્રકાશતો આવો શુદ્ધઆત્મા તું પોતે છો; તારા આવા શુદ્ધઆત્માને તું જાણ.

આત્માનું સાચું સ્વરૂપ કેવું છે કે જેને જાણવાથી અનાદિનું ભવભ્રમણ મટે ને આત્મા સિદ્ધપદને પામે, તેની આ વાત છે. એવા અદ્‌ભુત માહાત્મ્યવાળો આત્મા છે કે જેનું સ્વરૂપ આચાર્યદેવ સમસ્ત વૈભવથી દેખાડે છે. વિકલ્પથી જણાય તેવો આત્મા નથી, આત્મા તો સ્વાનુભવરૂપ વૈભવથી જણાય તેવો છે.

આત્મા એટલે જ્ઞાયકભાવરૂપ વસ્તુ છે તે દ્રવ્યસ્વભાવથી તો કદી શુભાશુભ–કષાયચક્રરૂપ થઈ જ નથી; અને આત્મા જ્યારે પોતાના આવા સ્વભાવની સન્મુખ થઈને તેને અનુભવે છે–સેવે છે–ત્યારે પર્યાય પણ શુભાશુભ–

રૂપે પરિણમતી નથી, શુદ્ધતારૂપ પરિણમે છે; ત્યારે તેને ‘શુદ્ધ’ કહીએ છીએ.

આવા આત્માને ‘જ્ઞાયકભવ’ કહ્યો, તેનો અર્થ એવો નથી કે પરજ્ઞેયોની અપેક્ષાથી તેને જ્ઞાયકપણું છે. જ્ઞાયકભાવ પરજ્ઞેયોથી નિરપેક્ષ છે,–કેમકે જ્યારે પરજ્ઞેયને ન પ્રકાશતો હોય ને અંતર્મુખ થઈને પોતે સ્વસંવેદનથી પોતાના સ્વરૂપને પ્રકાશતો હોય ત્યારે પણ તેને જ્ઞાયકપણું જ છે. સ્વને પ્રકાશે કે પરને પ્રકાશે, જ્ઞાયક તો જ્ઞાયક જ છે. પરજ્ઞેય હોય તેવી જ્ઞાનઅવસ્થા થાય તે વખતે પણ ‘આ જ્ઞાયક છે’ એમ જ્ઞાયકપણે જ આત્મા પ્રસિદ્ધ થાય છે; તે વખતે પણ કાંઈ જ્ઞેયપણે આત્મા પ્રસિદ્ધ થતો નથી. અરે, જે ‘જ્ઞાયકભાવ’ને પરજ્ઞેયની પણ અપેક્ષા નથી, તેને બહારનાં માન–અપમાન કેવા?

રાગને જાણતી વખતે જ્ઞાનમાં ‘હું જ્ઞાન છું’ એમ જ્ઞાયકપણું જ પ્રકાશે છે, પણ ‘હું આ રાગ છું’ એમ રાગપણે જ્ઞાન પ્રકાશતું નથી. એટલે રાગને જાણનારું જ્ઞાન રાગરૂપે પરિણમતું નથી; રાગથી ભિન્નપણે જ પરિણમે છે, માટે તે ‘શુદ્ધ’ છે. આવી શુભાશુભરાગથી જુદી શુદ્ધ જ્ઞાનપરિણતિ થઈ ત્યારે આત્માને શુદ્ધપણે ઉપાસ્યો કહેવાય. પૂર્વે નહોતું જાણ્યું એવું એકત્વસ્વરૂપ તેણે જાણી લીધું; આત્માનો જેવો વૈભવ આચાર્યદેવે બતાવ્યો તેવો તેણે જાણી લીધો. અહા! ભગવાન આત્મા પોતે પોતાના જ્ઞાયકસ્વરૂપે પ્રસિદ્ધ થયો...અનુભૂતિમાં પ્રગટ થયો.

આત્માના સ્વસંવેદનપૂર્વક જે જ્ઞાન ખીલ્યું તેમાં પરજ્ઞેયો તથા રાગાદિ ભાવો પણ જણાય–એ તો જ્ઞાનનું સામર્થ્ય છે. અનેક પરજ્ઞેયો જણાય, છતાં જ્ઞાયક તો જ્ઞાયકભાવરૂપે જ રહે છે, જ્ઞાયક કાંઈ જ્ઞાયકપણું છોડીને તે પરજ્ઞેયોરૂપે થતો નથી. રાગને જાણનારું જ્ઞાન કાંઈ રાગરૂપ મેલું થઈ જતું નથી. અજ્ઞાની એકલા રાગરૂપે જ પોતાનું અસ્તિત્વ માને છે, આખો જ્ઞાયકસ્વભાવ રાગ વગરનો છે તેનું અસ્તિત્વ તેને દેખાતું નથી. જ્ઞાયકભાવરૂપે પોતાનું અસ્તિત્વ દેખે તો જ્ઞાયકસત્તા જ્ઞાનભાવરૂપે પરિણમે, ને શુભાશુભરૂપે ન પરિણમે; એ રીતે રાગાદિથી ભિન્નપણે ઉપાસવામાં આવતાં જ્ઞાયકભાવ શુદ્ધપણે અનુભવમાં આવે છે. શુદ્ધ આત્માનો આવો અનુભવ કરવો તે જ આ સમયસારનું તાત્પર્ય છે. સીમંધરભગવાન પાસે જઈને કુંદકુંદાચાર્યદેવ

આવો ઊંચો માલ લાવ્યા છે ને તે આ સમયસાર દ્વારા ભવ્યજીવોને ભેટ આપ્યો છે.

'અહો ! ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિ દિવ્યનો,
જિન–કુંદ–ધ્વનિ આપ્યાં અહો ! તે ગુરુકહાનનો.'

[ સમયસારની છઠ્ઠી ગાથાના ચૈતન્યસ્પર્શી પ્રવચનોની મધુરી પ્રસાદી જિજ્ઞાસુઓને આ અંકમાં જ આપવા માટે આ અંકમાં વધુ પાનાં આપવામાં આવ્યાં છે. આમ છતાં સાતમી ગાથાનાં પ્રવચનો આ અંકમાં આવી શકયા નથી–તે હવેના અંકમાં આપીશું. સં. ]

* * * * *



## સિંહ અને વાંદરો

બંધુઓ, આ ચિત્રમાં ઝાડ ઉપર વાંદરો છે. નીચે તેની છાયા છે. ત્યાં સિંહ આવે છે.

પછી શું થાય છે તે તમારી કલ્પનાથી વિચારો. ને આ દ્રષ્ટાંત ઉપરથી દેહ અને આત્માના ભેદજ્ઞાનની વાત તમે શું સમજ્યા ? તે જણાવો.

સૌથી ઉત્તમ લખનારને દશ રૂા. નો ચંદ્રક ઇનામ આપીશું. કથા આવતા અંકમાં વાંચશો.



# શુદ્ધ રત્નત્રયસ્વરૂપ સુંદર જિનમાર્ગ

**આવા સુંદરમાર્ગની અત્યંત ભક્તિપૂર્વક આરાધના કરજો.**
**અજ્ઞાનીઓ નિંદા કરે તોપણ સુંદર માર્ગને છોડશો નહિ.**
**કોઈ નિંદા કરે તેથી કાંઈ સુંદર માર્ગ બગડી જતો નથી.**

[ માગશર વદ ૧૩–૧૪ : નિયમસાર ગા. ૧૮૫–૧૮૬–૧૮૭ ]

* * * * * *

નિયમસારની છેલ્લી ગાથામાં આચાર્યદેવ કહે છે કે અહો! રાગ વગરના શુદ્ધ રત્નત્રયરૂપ આ જિનમાર્ગ તે જ મહાઆનંદરૂપ સુંદર માર્ગ છે, તે જ મોક્ષના મહા–આનંદને દેનારો માર્ગ છે. જિનોપદેશવડે આવા સુંદર જિનમાર્ગને અમે જાણ્યો છે, અને તેના અત્યંત મહિમાપૂર્વક ભક્તિથી અહીં તેનું કથન કર્યું છે. અહો, આવા સુંદર માર્ગને તમે અત્યંત ભક્તિથી આરાધજો. અરે, સંસારના ઘોર દુઃખથી છૂટવાનો આવો સરસ વીતરાગમાર્ગ પ્રાપ્ત થયો છે. આવો સુંદર માર્ગ અને તેનું ઉત્તમ ફળ જ્ઞાનીઓનાં હૃદયમાં જયવંત વર્તે છે. એટલે ગમે તેવી પ્રતિકૂળતાના પ્રસંગમાં પણ જ્ઞાનીઓ આવા માર્ગને છોડતા નથી.

શુદ્ધરત્નત્રયની આરાધના વડે જ જિનભગવંતો મુક્તિ પામ્યા છે, માટે શુદ્ધ– રત્નત્રય તે જ જિનમાર્ગ છે; તે જ સુંદર માર્ગ છે; તેને હે ભવ્ય! તું અત્યંત ભક્તિ–પૂર્વક આરાધજે. શુદ્ધ ચૈતન્ય પરમતત્ત્વમાં જ સર્વથા અંતર્મુખ, અને પરદ્રવ્યોથી અત્યંત નિરપેક્ષ, એવા જે રાગ વગરનાં શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ ચોક્કસ મોક્ષનું કારણ છે, તે જ મુમુક્ષુજીવોએ નિયમથી કરવા જેવું કર્તવ્ય છે. આવો માર્ગ જિનવચનથી જાણીને, નિજભાવનાનું ઘોલન કરતાં કરતાં આ નિયમસારની રચના થઈ છે. અંદર આત્માની પરિણતિમાં તો શુદ્ધરત્નત્રયરૂપ ભાવ–નિયમસારની રચના થઈ છે, ને દ્રવ્યશ્રુતરૂપ આ નિયમસાર શાસ્ત્ર રચાયું છે. તે ભવ્ય જીવોને માટે સુંદર જિનમાર્ગને પ્રસિદ્ધ કરે છે. તેને ભવ્ય જીવો ભક્તિપૂર્વક આરાધજો.–

પણ કોઈ સુંદર માર્ગની ઈર્ષા વડે નિંદા કરે,
તેનાં સુણી વચનો કરો ન અભક્તિ જિનમારગ વિષે. ૧૮૬

અહો, ભગવાને કહેલો શુદ્ધરત્નત્રયમાર્ગ તે તો સદા આનંદરૂપ મહા સુંદરમાર્ગ છે. કારણપરમાત્મતત્ત્વ પોતે સદાય આનંદસ્વરૂપ છે, અને તેનાં શ્રદ્ધા–જ્ઞાન–આચરણરૂપ રત્નત્રયમાર્ગ પણ આનંદરૂપ છે. આવા માર્ગમાં હે જીવ! તું સદા પરાયણ રહેજે. મિથ્યાત્વાદિમાં પરાયણ અજ્ઞાનીજીવો ઈર્ષાથી આવા સુંદરમાર્ગની પણ નિંદા કરે તો તેથી તું ખેદખિન્ન થઈને સ્વરૂપથી વિકળ થઈશ મા; તું તો પરમભક્તિથી માર્ગની આરાધનામાં જ તત્પર રહેજે...અચલ રહેજે...ડગીશ મા.

'અરે, આવો તે કાંઈ માર્ગ હોય! રાગથી કાંઈ લાભ નહિ, પરનું કરવાની કાંઈ વાત નહીં,–એકલા આત્માની જ વાત! આવો માર્ગ હોય?'–એમ કોઈ અજ્ઞાની જનો આવા સુંદર માર્ગની પણ નિંદા કરે, ઈર્ષા કરે, દ્વેષભાવ રાખે, તેથી ગભરાઈને તું આવા ઉત્તમ માર્ગને છોડીશ નહીં, માર્ગ પ્રત્યે જરાપણ અભક્તિ કે મંદ ઉત્સાહ ન કરજે, પરમ ભક્તિથી માર્ગમાં દ્રઢ રહેજે. અજ્ઞાનીઓ નિંદા કરે તેથી કાંઈ સુંદર માર્ગ બગડી જતો નથી.

તું તારા સ્વપ્રયોજનને સાધવામાં ઉત્સાહિત તત્પર રહેજે; કોઈ નિંદા કરે તે સાંભળીને તારા સ્વપ્રયોજનમાં ઢીલો થઈશ મા. જગતથી નિરપેક્ષપણે તું એકલો પણ અંદર આવા સુંદર વીતરાગમાર્ગને સાધજે, પરમ ભક્તિથી સાધજે. પ્રતિકૂળતાના ગંજ આવે તોપણ ચૈતન્યસ્વરૂપને સાધવાના તારા ઉલ્લાસભાવને મોળો પડવા દઈશ નહીં. તારા પરમ આનંદસ્વરૂપ પરમાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–આચરણમાં તું દ્રઢ રહેજે. સંસારમાં તો પ્રતિકૂળતા હોય, તેથી કાંઈ અંતરમાં તારા સ્વરૂપને સાધવામાં તે નડતી નથી.

અરે, અનંત દુઃખથી ભરેલા આ સંસારમાં જીવોને સુખ માટે જિનમાર્ગ એક જ શરણ છે, એટલે કે આત્માના સમ્યક્ત્વાદિરૂપ વીતરાગભાવ જ જીવને શાંતિ દેનાર છે. તું તારા આત્મામાંથી આવી શાંતિ પ્રગટ કરજે; જગતના અજ્ઞાનીઓ કોલાહલ કરે તેથી તું તારી શાંતિમાંથી ડગીશ મા. અહા, આવો સરસ પરમશાંત રત્નત્રય માર્ગ, તેની ભાવના કરવા જેવી છે. રત્નત્રયમાર્ગમાં તત્પર જીવને જગતમાં કાંઈ દુઃખ છે જ નહીં. જગત સામે જોવાનું શું કામ છે? અંતરમાં નિજાત્મામાં ઉપયોગ જોડીને શુદ્ધરત્નત્રય–પરિણતિરૂપે પરિણમવું તેનું નામ નિજભાવના છે, આવી નિજભાવના પરમ આનંદ

દેનાર છે; અને આવી નિજભાવના માટે આ નિયમસારશાસ્ત્રની રચના છે.

દુઃખથી ભરપૂર આ ઘોર સંસારવનમાં ચૈતન્યની વીતરાગદશારૂપ જૈનશાસન જ એક શરણ છે. દર્શનમોહવાળા જીવોને ભવના જંગલમાંથી બહાર નીકળવાનો માર્ગ સુઝતો નથી. જૈનદર્શન જ ચૈતન્યતત્ત્વનું સાચું સ્વરૂપ બતાવીને ભવથી છૂટવાનો માર્ગ બતાવે છે. આવો સુંદર માર્ગ આચાર્યદેવે આ નિયમસારમાં પોતાની નિજભાવના માટે તેમ જ જગતના જીવોના હિતને માટે પ્રસિદ્ધ કર્યો છે.

જુઓ, આ સૂત્રકાર કુંદકુંદાચાર્યદેવની અદ્‌ભુત દશા! જેમણે સર્વજ્ઞ પરમાત્માનો ઉપદેશ જાણ્યો હતો, સેંકડો પરમ અધ્યાત્મશાસ્ત્રોના રહસ્યમાં જેઓ કુશળ હતા, તેમણે પોતાની નિજભાવના–અર્થે આ નિયમસાર–પરમાગમની રચના કરી છે. અંતરની ચૈતન્યપરિણતિમાં શુદ્ધરત્નત્રયરૂપ નિયમસારની રચના થતી જાય છે ને તેના નિમિત્તે આ નિયમસારનામના દ્રવ્યશ્રુતની રચના થાય છે. નિયમ એટલે શુદ્ધરત્નત્રયરૂપ મોક્ષમાર્ગ કેમ પ્રગટે તેની રીત આ નિયમસારમાં બતાવી છે. અહો, આ નિયમસાર તો ‘પરમેશ્વરશાસ્ત્ર’ છે, પરમેશ્વર ભગવાને કહેલું ભાગવત છે. આમાં કહેલા પરમતત્ત્વની ભાવના કરતાં કોઈ પરમ અપૂર્વ આનંદ થાય છે. આ ભાગવત શાસ્ત્રમાં કહેલા પરમઆનંદમય પરમાત્મતત્ત્વને જેણે જાણ્યું તે મહાપુરુષોએ સમસ્ત અધ્યાત્મશાસ્ત્રના રહસ્યને જાણી લીધું, પરમઆનંદરૂપ વીતરાગસુખનો સ્વાદ તેમણે ચાખી લીધો. તેઓ અંતર્મુખપણે પોતાના કારણ–પરમાત્મતત્ત્વને જ ભાવતા થકા, અનુભવતા થકા, શુદ્ધ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ થઈને શાશ્વતસુખને સદાકાળ ભોગવે છે. –આવું આ ભાગવતશાસ્ત્રનું ઉત્તમ ફળ છે.

[ આઠમી વખતનાં પ્રવચનો પૂર્ણઃ પોષ સુદ એકમ ]

*****

## સ્વભાવના આંગણે

જેણે અરિહંત જેવા પોતાના આત્માને મન વડે જાણી લીધો તે જીવ સ્વભાવના આંગણે આવ્યો છે. પરંતુ આંગણે આવ્યા પછી હવે સ્વભાવનો અનુભવ કરવામાં અનંત અપૂર્વ પુરુષાર્થ છે. આ ચૈતન્યભગવાનના આંગણે આવ્યા પછી –એટલે કે મન વડે આત્મસ્વભાવને લક્ષમાં લીધા પછી ચૈતન્યસ્વભાવની અંદર ઢળીને અનુભવ કરવા માટે અનંત પુરુષાર્થ કરે તે જ ચૈતન્યમાં ઢળીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે.

'નિજભાવના–અર્થે રચ્યું મેં નિયમસાર–સુશાસ્ત્રને'

# પરમેશ્વર ભાગવતશાસ્ત્ર નિયમસાર

( વીર સં. ૨૪૯૮, પોષ સુદ એકમ )

## [ 卐 નવમી વખતનાં પ્રવચનોનો પ્રારંભ 卐 ]

આઠમી વખત પૂરું થઈને ફરીને નવમી વખત આ ભાવગતશાસ્ત્ર શરૂ થાય છે. આચાર્યદેવ કહે છે કે હું નિજભાવના અર્થે આ શાસ્ત્ર રચું છું; અને જિનેન્દ્રભગવાનનો ઉપદેશ યથાર્થપણે જાણીને હું આ શાસ્ત્રમાં મોક્ષમાર્ગનું અને તેના ફળરૂપ મોક્ષનું કથન કરીશ. એટલે હે શ્રોતાઓ! તમે પણ તમારા પરમ તત્ત્વમાં અત્યંત અંતર્મુખ થઈને, નિજઆત્માની ભાવના કરજો; પરમતત્ત્વની ભાવના વડે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ આનંદમાર્ગ પ્રગટ થશે, અને તેના ફળરૂપ મહાઆનંદરૂપ નિર્વાણની પ્રાપ્તિ થશે.

અનંત જ્ઞાન–દર્શન જેમને ઊઘડી ગયા છે એવા સર્વજ્ઞ પરમાત્મા વીરનાથ જિનને નમસ્કાર કરીને આ નિયમસાર શરૂ થાય છે.

હે સર્વજ્ઞ જિન–પરમાત્મા! મારા જ્ઞાનમાં તારું અસ્તિત્વ હોતાં હું હવે બીજા મોહી જીવોને કેમ ભજું? તારું પરમ વીતરાગ સર્વજ્ઞસ્વરૂપ જેવું છે તેવું મારા જ્ઞાનમાં આવી ગયું, તો હવે તારી મોજુદગીમાં હું બીજા મોહમુગ્ધ સંસારીઓને કેમ નમું? પ્રભો! ભવને જીતનારા તો એક તમે જ છો, ને અમે પણ ભવથી છૂટવાના માર્ગને જ સાધી રહ્યા છીએ, તેથી આપ જ અમારા વંદ્ય છો. પ્રભો! ભવનો અભાવ થાય એવો સુંદર માર્ગ આપે જ બતાવ્યો છે. આપે સ્વયં ભવનો અભાવ કરીને, ભવના નાશનો ઉપાય ઉપદેશ્યો છે, તેથી આપને નમસ્કાર કરીને હું આ નિયમસાર દ્વારા નિજભાવના કરું છું.

વીતરાગતા અને સર્વજ્ઞતા વડે જ આત્માની શોભા છે. સમવસરણાદિ સંયોગવડે ભગવાન શોભે છે–એમ ન કહ્યું પણ રાગ–દ્વેષ–મોહરહિત વીતરાગતા વડે

અને સર્વજ્ઞતા વડે જ ભગવાન શોભે છે–એમ કહ્યું. અહો, આત્માની આવી પૂર્ણપર્યાય કેવી મહાન છે તેને નિર્ણયમાં લ્યે તો રાગાદિ પરભાવોથી પરિણતિ છૂટી પડી જાય, ને સ્વભાવસન્મુખ પરિણમન પ્રગટે.–તે જ અપૂર્વ મંગળ છે.

અહા, આવા મોટા વીતરાગ ભગવાન! તમે બિરાજો છોને, પછી મારે કોનું કામ છે! આવડા મોટા વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા મારા જ્ઞાનમાં મેં સ્વીકાર્યા, તો હવે મારું જ્ઞાન રાગમાં કેમ અટકે? તે રાગને કેમ ભજે? તે તો રાગથી છૂટું પડીને પરમ વીતરાગ એવા મોક્ષમાર્ગમાં પરિણમે છે.

પ્રથમ ગાથામાં આચાર્યદેવે વીરનાથ જિનેન્દ્રને નમસ્કાર કરીને અસાધારણ મંગળ કર્યું છે; તેઓ કહે છે કે અહો! ઉત્કૃષ્ટ અનંત જ્ઞાનદર્શનસ્વભાવને પામેલા ભગવાન વીરજિનને નમસ્કાર કરીને, હું શ્રુતકેવળી અને કેવળીભગવંતોએ કહેલું આ નિયમસાર કહીશ. નિયમસારમાં મોક્ષનો માર્ગ અને તેનું ફળ બતાવીશ. સમયસારની ટીકામાં પણ કેવળી અને શ્રુતકેવળી બંનેની વાત લીધી છે, ને અહીં નિયમસારમાં તો મૂળસૂત્રમાં જ **'केवलि-सुदकेवली भणिदं'** એમ સ્પષ્ટ કહ્યું છે. વિદેહક્ષેત્રમાં કેવળી અને શ્રુતકેવળીભગવંતો સાક્ષાત્ બિરાજે છે, તેમને નજરે દેખીને અને તેમની વાણી સાંભળીને આચાર્યદેવે આ સમયસાર–નિયમસાર વગેરે પરમાગમોની રચના કરી છે. તે આત્માનું શુદ્ધસ્વરૂપ બતાવીને, તેના આશ્રયે શુદ્ધરત્નત્રયરૂપ મોક્ષમાર્ગ પ્રગટ કરાવે છે.

અહો, આ નિયમસારમાં તો આત્મામાંથી અનાદિના અંધારા દૂર કરીને જ્ઞાનપ્રકાશ પ્રગટાવે એવી અલૌકિક વાત છે. જુઓને, અહીં આપણે આજે (પોષસુદ એકમે) આ નિયમસાર વાંચવું શરૂ કર્યું ને બહારમાં પણ અંધારા ટળીને આજે પ્રકાશ શરૂ થયો. (ભારત–પાક. યુદ્ધને કારણે બ્લેકઆઉટ–અંધારપટ થયેલ, તેમાં વિજયપૂર્વક આજે અંધારપટ ખુલીને પ્રકાશ ચાલુ થયો; નિયમસાર પણ આજે જ શરૂ થયું.) ચૈતન્યના પરાક્રમમાં વિક્રાંત એવા વીરનાથ જિને ચૈતન્યની વીરતાવડે કર્મો ઉપર વિજય મેળવ્યો ને મોહાંધકાર દૂર કરીને કેવળજ્ઞાન પ્રકાશ પ્રગટ કર્યો. આવા વિજેતા વીરનાથ વર્દ્ધમાન જિનેન્દ્ર મહા દેવાધિદેવ તીર્થંકર –તેમને નમસ્કાર કરીએ છીએ.

નિયમ એટલે રત્નત્રય, તેમાં સારભૂત એવા શુદ્ધ રત્નત્રય, તેનું પ્રતિપાદન કરનારું આ શાસ્ત્ર સર્વે જીવોને હિતકર છે. શુદ્ધરત્નત્રયરૂપ માર્ગનું અને તેના ફળનું કથન જિનશાસનમાં છે. જુઓ, લોકો કહે છે કે જિનશાસનમાં કર્મનું ને કર્મફળનું

જ કથન છે; અહીં આચાર્યદેવ કહે છે કે જિનશાસનમાં તો શુદ્ધરત્નત્રયરૂપ મોક્ષમાર્ગનું તથા તેના ફળનું કથન છે; અને તે માર્ગ હું આ નિયમસારમાં કહીશ, તથા તેના ફળરૂપ મોક્ષનું સ્વરૂપ કહીશ. ભગવંતોએ જે કહ્યું તે જ હું કહીશ.

નિયમ એટલે શુદ્ધરત્નત્રયરૂપ મોક્ષમાર્ગ; તે કેવો છે? કે નિજ પરમાત્મતત્ત્વમાં સર્વથા અંતર્મુખ છે, ને પરથી અત્યંત નિરપેક્ષ છે. વ્યવહારરત્નત્રયમાં તો પરની અપેક્ષા છે, તે તો રાગવાળાં છે, તે શુદ્ધ નથી, સારરૂપ નથી. શુદ્ધ અને સારરૂપ તો પોતાના પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન–આચરણ થાય તે જ છે, તે રાગ વગરનાં છે, પરથી નિરપેક્ષ છે. આવા રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ જિનશાસનમાં કહ્યો છે. આત્મામાં અંતર્મુખ થઈને જિનભાવના વડે અતીન્દ્રિય આનંદસહિત આવો મોક્ષમાર્ગ પ્રગટે તે આ શાસ્ત્રનું તાત્પર્ય છે. આવી નિજભાવના માટે આ નિયમસારની રચના છે. તેમાં આત્માના પરમ શુદ્ધ સ્વભાવની ભાવનાનું અદ્‌ભુત–અલૌકિક વર્ણન છે. તે ભાવના એટલે કે અંતર્મુખ પરિણતિ કરવા જેવી છે. * * *

---

## વૈરાગ્ય સમાચાર-

* વેરતીયાવાળા શ્રી રંભાબેન (તેઓ વાધર મગનલાલ દામોદરના માતુશ્રી) ઉ. વર્ષ ૭૩ જામનગર મુકામે માગશર સુદ ત્રીજના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મૂળીવાળા ભાઈશ્રી કાન્તિલાલ મોહનલાલ (ઉ. વર્ષ ૪૭) તા. ૨૨–૧૧–૭૧ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. દીવાળી દરમિયાન લગભગ એક માસ સુધી તેઓ સોનગઢ રહીને સત્સંગનો લાભ લઈ ગયા. તેમને ગળામાં કફની તકલીફ થયેલી, બપોરે એકને વીસ મિનિટ સુધી તો તેઓ બોલતા હતા ને એકને ત્રીસ મિનિટે તેઓ સ્વર્ગવાસ પામી ગયા.

* રાજકોટના ભાઈશ્રી ભીમજી ડાયાભાઈ પટેલ (ઉ. વર્ષ ૬૮) ગત માસમાં સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટના ભાઈશ્રી બચુભાઈ ઊર્ફે હરકિશનભાઈ જીવરાજ (તેઓ રતિભાઈ ચિત્તલિયાના ભત્રીજા) ૪૯ વર્ષની વયે ગત માસમાં એકાએક સ્વર્ગવાસ પામ્યા છે. હજી તો તેઓ મોટરમાં બેસીને મોટર ચાલુ કરવાની તૈયારીમાં હતા ત્યાં જ હાર્ટફેલથી સ્વર્ગવાસ પામી ગયા.

* જમશેદપુર મુકામે ભાઈશ્રી ચતુરદાસ કેશવજી ભાયાણી (લાઠીવાળા) તા. ૨૪–૧૧–૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. થોડા વખત પહેલાં જ તેઓ સોનગઢ

આવીને સોસાયટીના પોતાના મકાનમાં રહીને એકાદ માસ લાભ લઈ ગયા હતા.

* પોરબંદરના શેઠશ્રી ભુરાલાલ ભુદરજી કોઠારીના ધર્મપત્ની શ્રી કસુંબાબેન (તેઓ મનસુખભાઈ કોઠારી વગેરેના માતુશ્રી) તા. ૩૦-૧૧-૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ભદ્રિક હતા, ગતવર્ષ વૈશાખ સુદ બીજના ઉત્સવનો લાભ પોરબંદરમાં મળતાં તેઓ ઘણા ઉલ્લસિત થયા હતા; તેમજ આસો માસમાં પણ પોરબંદરમાં ગુરુદેવના દર્શનનો તથા વૈરાગ્યવાણીનો લાભ મળતાં પ્રસન્ન થયા હતા.

* દાહોદના ભાઈશ્રી હજારીમલજી સુંદરજી શરાફ માગશર સુદ ૧૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ જ્યારે જ્યારે દાહોદ પધારે ત્યારે તેઓ હર્ષોલ્લાસથી ભાગ લેતા હતા.

* ફિરોઝાબાદના પં. શ્રી માણેકચંદજી ન્યાયાચાર્ય (ઉ. વર્ષ ૮૫) તા. ૮-૧૧-૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ દિ. જૈન સમાજના એક વયોવૃદ્ધ વિદ્વાન હતા. તેમણે શ્લોકવાર્તિકની હિંદી ટીકા લખી છે.

* ઉમરાળાના ભાઈશ્રી મગનલાલ પોપટલાલના સુપુત્ર મહેન્દ્રકમાર (બી. કોમ.) ચોવીશ વર્ષની ભરયુવાન વયે માગશર સુદ પાંચમના રોજ સુરત મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. બી. કોમ. ભણેલા યુવાનનું આવું ક્ષણભંગુર જીવન દેખીને, યુવાનબંધુઓએ પોતાનું જીવન એકલા લૌકિક ભણતરમાં વેડફી દેવા કરતાં, આત્મહિત થાય એવા ઉત્તમ ધાર્મિક સંસ્કાર માટે જીવનનો સદુપયોગ કરવાનું લક્ષ રાખવા જેવું છે. જીવનમાં કે બીજા ભવમાં પણ આ ધાર્મિકસંસ્કાર જ જીવને સાચી શાંતિ આપશે. અને બંધુઓ! અત્યારે તો આપણને ધાર્મિક સંસ્કાર મેળવવા માટે કેવો ઉત્તમ સુયોગ છે! માટે આ ઘડી ચુકવા જેવી નથી.

* મુંબઈના ભાઈશ્રી રતિલાલ મગનલાલ વોરા કારતક વદ દશમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. આસો માસમાં ગુરુદેવના અણધાર્યા દર્શનનો મુંબઈમાં લાભ મળતાં તેઓ ઘણા ઉત્સાહિત થયા હતા, ને ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો.

* રાણપુરવાળા વાડીલાલ ઉજમશી માસ્તરના ધર્મપત્ની સમજુબેન (ઉ. વ. ૫૯) માગશર વદ છઠ્ઠના રોજ વઢવાણ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા દિવસ સુધી પણ તેઓ જિનમંદિરે આવ્યા હતા.

* ભાઈશ્રી કેશવલાલ છગનલાલના ધર્મપત્ની ભૂરીબેન (ઉ. વ. ૭૧) માગશર વદ છઠ્ઠના રોજ વઢવાણ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

**-વીતરાગી દેવ-ગુરુ-ધર્મની આરાધના વડે સદ્‌ગત આત્માઓ આત્મહિતને પામો.**

## વિવિધ સમાચાર-

* સોનગઢમાં પ્રવચનમાં સવારે નિયમસાર પુનઃ શરૂ થયું છે, ને બપોરે સમયસારનું ૧૭ મી વખત વાંચન ચાલે છે,–૧૭ મી વખત હોવા છતાં જાણે પહેલી જ વાર કોઈ અપૂર્વ ભાવે સાંભળતા હોઈએ–એવા સરસ ભાવો ખીલે છે.

* ગુજરાતી નિયમસાર ફરી છપાવાનું નક્કી થયું છે, તે બાબત સૂચના ગતાંકમાં આવી ગઈ છે. વિશેષ પ્રતો જોઈએ તેમને તે નોંધાવી દેવા સુચના છે.

* આ વર્ષે કારતક માસની અષ્ટાન્હિકા દરમિયાન તેરહદ્વીપ પૂજન વિધાન ફરી શરૂ થયું છે. આ વિધાન ધ્રાંગધ્રાના સમજુબેન ગોવિંદજી કોઠારી ( તે ચંચળબેન બરવાળાવાળાના બહેન ) તરફથી કરાવવામાં આવ્યું હતું.

* આ સાલમાં જિનબિંબ–પ્રતિષ્ઠા વગેરે નિમિત્તે ગુરુદેવના વિહારના કાર્યક્રમની રૂપરેખા લગભગ સાડાત્રણ માસની વિચારવામાં આવી છે. તેની વિગવાર નોંધ આવતા અંકે આપીશું. અમરેલીમાં જિનબિંબ–વેદીપ્રતિષ્ઠાનું મૂરત ફાગણસુદ પાંચમે છે, તથા ફત્તેપુરમાં વેશાખસુદ ત્રીજનું મૂરત છે.

* સાગર ( મધ્યપ્રદેશ ) માં શેઠશ્રી ભગવાનદાસજી શોભાલાલજી તરફથી જૈનધર્મ–શિક્ષણ શિબિરનું ભવ્ય આયોજન ગતમાસમાં થયું હતું, તેમાં હજારો જિજ્ઞાસુઓએ તત્ત્વજ્ઞાનનો લાભ લીધો હતો, અને મહાન પ્રભાવના થઈ હતી.

* દેશકાળના હાલના વાતાવરણમાં તત્ત્વજ્ઞાનના પ્રચારની ખૂબ આવશ્યકતા છે; તે માટે વધુને વધુ સાહિત્ય,–બાળકો કે વૃદ્ધ સૌને ઉપયોગી થાય તેવું, અને સૌને આત્મહિતની પ્રેરણા આપે તેવું, પ્રચાર કરવાની ખૂબ જરૂર છે. જ્યાં જિનેન્દ્રભગવાનના દર્શન માટે ખાસ જરૂર હોય ત્યાં તો જિનમંદિર થાય તે બરાબર છે; પણ જરૂર વગર વધુ પડતા મંદિર વગેરે પાછળ મોટા ખર્ચ કરવા કરતાં વીતરાગી તત્ત્વજ્ઞાનનો ઘરેઘરે પ્રચાર થાય–તે માટે લક્ષ આપવું વધુ જરૂરી છે.–એમ આજે સર્વે વિદ્વાનોનો મત છે. સમાજે આ વાત લક્ષમાં લેવા જેવી છે.

# 卐 આપણું સૌનું ઉત્તમ ધ્યેય 卐

આપણે સૌ મુમુક્ષુઓ એક ઉચ્ચ ધ્યેયને વરેલા છીએ–અને તે ધ્યેય છે –આત્મકલ્યાણ! અહા, આત્મકલ્યાણ કેમ થાય તે માર્ગ ગુરુદેવના પ્રતાપે આપણા હાથમાં આવ્યો છે, અને તે જ આ આત્મધર્મમાં પીરસાય છે. સંપૂર્ણપણે આત્મહિતને જ લક્ષમાં રાખીને, સ્વ–પરને વીતરાગભાવની પુષ્ટિ થાય એ રીતે આત્મધર્મનું સંપાદન થાય છે. અને આવા ધ્યેયપૂર્વક આત્મધર્મની સ્વાધ્યાય કરનારા જિજ્ઞાસુઓને જરૂર આત્મહિતની પ્રેરણા અને પુષ્ટિ મળે છે.

સંપાદકને પૂ. ગુરુદેવની મંગલછાયામાં પોતાના ૨૯ વર્ષના અનુભવથી નિઃશંક ખાતરી છે કે આત્મધર્મમાં જે કોઈ ભાવો આવે છે તે સંપૂર્ણપણે વીતરાગી દેવ–ગુરુ–ધર્મને અનુસરીને જ આવે છે. ગુરુદેવે મહાન કૃપા કરીને જિનાગમના ગંભીરભાવો આપણને સમજાવ્યા છે. એ ગંભીરભાવોના અભ્યાસમાં એવી શાંતિ છે કે જગતના કોઈ વાદવિવાદને તેમાં સ્થાન નથી, રાગ–દ્વેષ–અશાંતિનું તેમાં નામનિશાન નથી. આવા ગંભીર ભાવવાળી ચૈતન્યપ્રકાશી વાણી આત્મધર્મમાં રજુ થાય છે; સાથે સાથે દેવગુરુનો અપાર મહિમા, ધાર્મિક વાત્સલ્ય, વિશેષ પ્રભાવનાને લગતા સમાચારો વગેરે પણ પ્રસંગોપાત રજુ થાય છે..હજારો જિજ્ઞાસુઓ પ્રેમપૂર્વક તે વાંચે છે, પ્રસન્નતા વ્યક્ત કરે છે, સલાહસૂચના પણ મોકલે છે. આપ પણ આત્મધર્મના વધુ વિકાસ માટે સલાહસૂચના મોકલી શકો છો. આત્મધર્મ માટે યોગ્ય નાના ટચૂકડા લેખોને પણ આવકારીએ છીએ. આત્મધર્મ આપણું સૌનું છે...જિનશાસન આપણું સૌનું છે; જિનશાસનના ધર્મધ્વજની મંગલછાયામાં આપણે સૌ એક છીએ. –जयजिनेन्द्र

---

‘આત્મધર્મ’ માસીક દરમહિને પચીસમી તારીખે, બરાબર ચેકીંગપૂર્વક રવાના થાય છે. પહેલી તારીખ સુધીમાં ન મળે તો તુરતમાં “આત્મધર્મ કાર્યાલય, સોનગઢ–સૌરાષ્ટ્ર” ને આપના પૂરા સરનામા સહિત લખવાથી બીજો અંક મોકલાય છે. લવાજમ ચાર રૂપિયા છે,–તેમાં પણ કિંમતી પુસ્તકો ભેટ મળે છે. જેમ બને તેમ વેલાસર ગ્રાહક થઈ જવું સારું છે. હાલ ગુજરાતી આત્મધર્મની ત્રણ હજાર નકલ છપાય છે–જે અત્યાર સુધીના વર્ષોમાં સૌથી વધારે છે. એ રીતે આત્મધર્મ ઉન્નતિ કરી રહ્યું છે, અને વધુને વધુ જિજ્ઞાસુઓ તત્ત્વજ્ઞાનમાં રસ લઈ રહ્યા છે. આપ પણ આત્મધર્મ દ્વારા અધ્યાત્મરસનું પાન કરો.

ગુરુદેવ પાસેથી–

# આપણને સૌને ઉપયોગી સન્દેશ

[ આ સન્દેશ ભારતભરના મુમુક્ષુઓને માટે ઉપયોગી હોવાથી અહીં આપેલ છે. ]

૧. સૌ સાધર્મીને સરખા ગણીને બધા સાથે હળીમળીને રહેવું જોઈએ.

૨. હું મોટો ને બીજા નાના–એમ કોઈનો તિરસ્કાર ન કરવો જોઈએ.

૩. કોઈ પૈસા વધારે આપે કે ઓછા આપે–તે ઉપરથી માપ ન કરવું જોઈએ, પણ ખાનદાનીથી ને ગુણથી ધર્મ શોભે–તેમ સૌએ વર્તવું જોઈએ.

૪. મુમુક્ષુ–મુમુક્ષુમાં એકબીજાને દેખીને હૃદયથી પ્રેમ આવવો જોઈએ.

૫. ભાઈ, અત્યારે આ વાત મહા ભાગ્યયોગે અહીં આવી ગઈ છે. આ કોઈ સાધારણ વાત નથી. માટે સૌએ સંપથી, ધર્મની શોભા વધે ને પોતાનું કલ્યાણ થાય તેમ કરવું જોઈએ.

૬. એકબીજાની નિંદામાં કોઈએ ઉતરવું ન જોઈએ. એકબીજાને કાંઈ ફેરફાર હોય તો જતું કરવું જોઈએ. નજીવી બાબતમાં વિખવાદ ઊભો થાય–તે મુમુક્ષુને શોભે નહિ.

૭. સૌએ મળીને રોજ એક કલાક નિયમિત જ્ઞાનનો અભ્યાસ, શાસ્ત્રવાંચન કરવું જોઈએ. જ્ઞાનના અભ્યાસ વગર સત્યના સંસ્કાર ટકશે નહીં.

૮. અરે, તીર્થંકરદેવે કહેલો આવો આત્મા સમજવા જે તૈયાર થયો એને બહારમાં નાના–મોટાનાં માન–અપમાન શું ?

૯. આ તો પોતે પોતાના આત્માનું હિત કરી લેવાની વાત છે.

૧૦. સંસારથી તો જાણે હું મરી ગયો છું–એમ તેનાથી ઉદાસીન થઈને આત્માનું કલ્યાણ કેમ થાય તે કરવાનું છે.

મુમુક્ષુઓ, ગુરુદેવની આ શિખામણ આપણને સૌને ઉપયોગી છે, હિતકર છે.

પ્રકાશક : શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ). પ્રત : ૩૦૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ ( સૌરાષ્ટ્ર ). પોષ : ( ૩૩૯ )